
# સહજ-સત્સંગ

Year : 2 Issue : 14 Dt. 1-3-2014 Page - 52 માસિક





## મા મીરાંબિકા

Let this be our one need in life, to realise the Divine.
- The Mother

### જીવનની જરૂરિયાત : પ્રભુનો સાક્ષાત્કાર

લક્ષ્ય એક જ જીવન તણું, પ્રભુ સાથે એકાત્મતા,
અન્ય લક્ષ્યો પોષક બની, ભલે સ્વસ્થાને બિરાજતાં.

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## આધ્યાત્મિક શાંતિ દ્વારા વિશ્વશાંતિ

(તા.૦૮.૧૦.૧૯૧૪ - પૃ.૧૯૨)



આ બેચેની અને અપેક્ષાની અસર શા માટે ટકી રહી છે..... બધું જ વિશાળ બનેલી ક્ષિતિજોમાં પ્રકાશરૂપ છે..... એક નીરવ ચિંતનમાં, ભક્તિ હતી તેથી પણ વધુ તીવ્ર બનેલી છે. તો પછી આ સંવેદન..... સ્થૂળના પ્રદેશમાં અપૂર્ણ રીતે જાગૃત બનેલી ચેતનાને ચેતવણીરૂપ એ શું છે ?

હું જાણું છું કે જરૂર હશે તો તે મને ક્યારનું એ કહી દીધેલું હોત..... મારામાં અશક્તિ.... છે તે જ મને એ જ્ઞાનથી દૂર રાખે છે. અથવા મારે તે જાણવાથી..... મદદરૂપ પણ ..... નહિ હોય..... તો મને જવાબ આવશે નહિ.

શાંતિ વધુ ને વધુ ચક્રવર્તી બની રહી છે. એક અનંત સંવાદિતામાં સ્વરૂપ પોતાની પરમ વિપુલતાને ધારણ કરી લે છે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (આધ્યાત્મિક શાંતિ દ્વારા વિશ્વશાંતિ) | ૩ | **યોગ પર દીપ્તિઓ** (સમર્પણ 'પૂર્ણયોગ'નું પ્રથમ પગથિયું) | ૨૯ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ | **સાંજના વાર્તાલાપો** (આહારનું સ્વરૂપ) | ૩૨ |
| **દિવ્યજીવન** (અહંકાર અને તેના પરિણામો) | ૮ | **વેદવિજ્ઞાન** (રુદ્રો) | ૩૪ |
| **માતૃવાણી** (જ્ઞાન અને ધ્યાન) | ૧૧ | **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (ધ્યાન એટલે શું ?) | ૩૯ |
| **સાવિત્રી** (શિવશક્તિનું નર્તન) | ૧૬ | **જાતક કથાઓ** (સંસારની રીત) | ૪૧ |
| **યોગ વિષે પત્રો** (કેન્દ્રસ્થ પુરુષ) | ૧૯ | **યોગનાં મૂળતત્ત્વો** (પ્રેમ) | ૪૨ |
| **ઉપનિષદો** (દિવ્ય સંકલ્પના કર્મો) | ૨૧ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (જડતા ભાંગવાનું તીવ્ર સંવેદન) | ૪૫ |
| **વેદ-રહસ્ય** (સૂર્ય, સવિતૃનું સ્વરૂપ ) | ૨૩ | **શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું સ્થૂલ મિલન** | ૪૮ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (પૂર્ણયોગનો માનવો દ્વારા સ્વીકાર) | ૨૬ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
**અંક : ૧૪ વર્ષ : ૨**
**માર્ચ - ૨૦૧૪**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો.૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ-૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**

# આધ્યાત્મિક શાંતિ દ્વારા જ વિશ્વશાંતિ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી પોતામાં જગતમાં શાંતિ થાય. પ્રથમ મહાયુદ્ધ બંધ થાય એની અપેક્ષાથી બેચેની અનુભવી રહ્યાં છે.

પણ બીજી બાજુ, તેમનું સમગ્ર સ્વરૂપ વિશાળ પ્રકાશમય બની ક્ષિતિજો સુધી ફેલાઈ ગએલું લાગે છે. અગાધ શાંતિ પોતે અનુભવી રહ્યાં છે. તે વિશાળતામાં એક ગહન ભક્તિ ભાવ તીવ્રતાથી અનુભવાય છે.

તો માતાજીને પ્રશ્ન થાય છે. તેમની ચેતના જે હજી સ્થૂળ પ્રદેશમાં પૂરેપૂરી ખીલી નથી, તેને શું તે અપેક્ષાનો સળવળાટ ચેતવણી રૂપે છે કે જો તે સ્થૂળ ભૌતિક જીવનમાં આધ્યાત્મિક રૂપાંતર નહિ લાવે તો આવા મહાયુદ્ધોનો ભય માથે તોળાતો જ રહેવાનો છે.

માતાજીને જવાબ મળતો નથી. માતાજી જાણે છે કે તેવા જવાબની જરૂરિયાત હોત, તો ક્યારનોએ જવાબ તેમને મળી ગયો હોત અને તેમને તેની સમજણ આપવામાં આવી હોત.

તેમને સમજણ આપવામાં આવી નથી તેનું કારણ એ પણ હોઈ શકે કે તે જ્ઞાનને મેળવવાની અને ધારણ કરવાની ક્ષમતા જ તેઓમાં હજી વિકસી નહિ હોય. અથવા તે જાણવાનો કોઈ ઉપયોગ તેમને માટે હાલમાં નહિ હોય. તેથી જવાબ મળવાની શક્યતા નહિવત્ છે.

માતાજી જણાવે છે કે તેમની શાંતિ વધુને વધુ ગહન બની રહી છે અને તે જાણે અવિચળ રહેશે એમ લાગે છે. તે શાંતિમાં, સંવાદિતામાં તેમનું સ્વરૂપ વધુને વધુ સભાન બની રહ્યું છે. અને શું વ્યક્તિગત આધ્યાત્મિક શાંતિ વિશ્વશાંતિનો પાયો રચશે ? પરિપૂર્ણ સમજણ વિકસી રહી છે. માતાજીને તે વિપુલતા જાણવામાં જ જાણે રસ પડ્યો છે. શું વ્યક્તિગત આધ્યાત્મિક શાંતિ - વિશ્વશાંતિનો પાયો રચશે ?

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

## પૂર્વભૂમિકા

(ગતાંકથી ચાલુ)

બીજું, પ્રાચીન યોગોમાં પરાત્પરનો સાક્ષાત્કાર થયા પછી જગતને મિથ્યા ગણીને છોડી દેવામાં આવે છે. જ્યારે શ્રી અરવિન્દનાયોગમાં જગતને પરમાત્માના આવિર્ભાવ રૂપે માનવામાં આવે છે. આ જગતમાં ભગવાન પોતાની સર્વશક્તિઓ સાથે સક્રિય બને એ આ યોગનો હેતુ છે. એ વિશે શ્રી અરવિન્દે એક પત્રમાં લખ્યું હતું કે ''મારું ધ્યેય એ છે કે આ જગતની અંદર પ્રભુનો સાક્ષાત્કાર અને આવિર્ભાવ કરવો અને એ હેતુથી જ અતિમનસ જેવી હજી સુધી અપ્રગટ રહેલી શક્તિને અહીં નીચે લાવવી'' આમ શ્રી અરવિન્દના યોગમાં જગતનો સ્વીકાર કરીને જીવનમાં પ્રભુને ઉતારવાની વાત છે અને એટલે જ એ મહાન આધ્યાત્મિક સાહસ છે.

ત્રીજું, પ્રભુના સાક્ષાત્કાર માટે અત્યાર સુધીના યોગમાર્ગોમાં જગતને છોડીને કઠોર તપશ્ચર્યા, સાધના અનિવાર્ય છે. જ્યારે શ્રી અરવિન્દના યોગમાં દેહદમન, ઇન્દ્રિયોનું દમન, ઇન્દ્રિયોના કાર્યો પર બિનજરૂરી અંકુશ, કઠોર સંયમ વગેરે નથી. તેમાં અભીપ્સા, સમર્પણ, અદિવ્ય વસ્તુઓનો પરિત્યાગ અને દિવ્યશક્તિ પ્રત્યે ખુલ્લાપણા દ્વારા પરમાત્માની કૃપા મેળવી આગળ વધવાની સાધના છે અને આત્મસાક્ષાત્કાર પછી જ આ સાધના શરૂ થાય છે.

ચોથું, આત્મ સાક્ષાત્કાર એ બીજા યોગોની સમાપ્તિનું બિંદુ છે. જ્યારે શ્રી અરવિન્દના યોગનું એ આરંભબિંદુ છે. શ્રી અરવિન્દે પોતે જ આ સંદર્ભમાં કહ્યું છે કે જ્યાં બીજા યોગોની સમાપ્તિ થાય છે, ત્યાંથી મારા યોગની શરૂઆત થાય છે એટલે કે આત્મસાક્ષાત્કારથી જ શરૂ થઈ શકે છે. શ્રી અરવિન્દ કહે છે કે

‘‘મારા યોગનો હેતુ છે, જીવનની અંદર દિવ્ય આનંદ, દિવ્ય, પ્રકાશ, દિવ્ય શક્તિને લાવવા, ને તેને સક્રિય કરીને જીવનનું રૂપાંતર કરવું.’’

પાંચમું, આ યોગમાં ફક્ત ભગવાનનો સાક્ષાત્કાર કરવાની કે એમને પ્રાપ્ત કરી નિજાનંદમાં મસ્ત રહેવાની જ વાત નથી પણ પરમાત્માની પ્રાપ્તિ પછી, પરમાત્માને મન, પ્રાણ અને દેહની ભૂમિકામાં ઉતારી, તેમની ચેતનાને આ કરણોમાં સક્રિય કરી એ દ્વારા તેમને દિવ્ય બનાવવાની સાધના કરવાની છે.

આ રીતે જોતાં શ્રી અરવિન્દનો યોગ તેના ધ્યેયની દૃષ્ટિએ, તેના હેતુની દૃષ્ટિએ, તેની સાધના પદ્ધતિની દૃષ્ટિએ, તેની ફલશ્રુતિની દૃષ્ટિએ તદ્દન જુદા જ પ્રકારનો નવો યોગ છે. જે પૃથ્વીની ચેતનામાં શ્રી અરવિન્દની કઠોર તપશ્ચર્યા દ્વારા પહેલી જ વાર સમગ્ર માનવજાતિના કલ્યાણ માટે પ્રગટ્યો છે.

**પૂર્ણયોગનાં લક્ષણો :**

પૂર્ણયોગ એ જીવનમાં પ્રભુને પ્રતિષ્ઠિત કરવાનો યોગ હોઈને આ યોગનાં લક્ષણો પણ વિશિષ્ટ છે. જે આ પ્રમાણે છે.

**૧ પૂર્ણયોગમાં જીવનનો સ્વીકાર કરવામાં આવેલો છે.**

પૂર્ણયોગ એ જીવનમાં રહીને કરવાની સાધના છે. કેમકે જીવન એ મિથ્યા, માયા, ભ્રમણા કે નાસી છૂટવાનું ક્ષેત્ર નથી. પણ એ તો પરમાત્માને પ્રગટ કરવાનું ક્ષેત્ર હોઈ જીવનમાં રહીને પરમાત્માને જીવનમાં ઉતારવાની સાધના કરવાની છે. જીવનમાંથી નાસી જઈને જંગલના એકાંતમાં માણસ સ્થિર રહી શકે. એ કંઈ મોટી વાત નથી. કેમકે ત્યાં વિક્ષેપ પાડનારા તત્ત્વો જ નથી. પણ જીવનની વચ્ચે જો માણસ શાંતિ, સ્થિરતા, સહિષ્ણુતા, સમતા દાખવી શકે, તો એ સિદ્ધિ ગણાય. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે ‘‘તે જીવનની સર્વ વસ્તુઓનો ત્યાગ કરીને જંગલના એકાંતમાં ચાલ્યા જાઓ એ જરૂરી નથી. હા, એ વસ્તુ સાચી છે કે તમે દુનિયામાં રહીને દુન્યવી પરિસ્થિતિમાં યોગ કરતા હો, ત્યારે એ એક વધુ અઘરું કાર્ય બની રહે છે. પણ ત્યારે એ પૂર્ણતાવાળું હોય છે. કેમકે જીવનમાં અનેક પ્રશ્નોનો સામનો કરવો પડતો હોય છે. આજુબાજુ રહેલી

(અનુ. પૃ. ૩૧ ઉપર)

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## અહંકાર અને તેનાં પરિણામો

પ્રકરણ - ૭

**સમજૂતી** - માનસિંહ ચાવડા

તેવી જ ઘટના સાધકોના જીવનમાં પણ થાય છે. આપણા અહંકારભર્યા જીવનને સુરક્ષિત રાખવા પ્રભુ આપણું યોગક્ષેમ વહન કરે છે. આપણે તેને પ્રાર્થના કરીએ તો તે આપણા આવા અજ્ઞાનમય જીવનને પણ સુખમય બનાવી દે છે. આ માન્યતા ખોટી હોવા છતાં તે માન્યતાના આધારે રચેલી જીવન પદ્ધતિ સાધકને અમુક તબક્કા સુધીની પ્રગતિમાં મદદરૂપ થાય જ છે. જ્યાં સુધી તેવી અજ્ઞાનમય ચેતનામાં આપણે રહીએ ત્યાં સુધી તે જીવન પદ્ધતિ ઉપયોગી નીવડતી રહે છે. તેની સ્વર્ગની કલ્પના, દિવ્ય-જીવનની કલ્પના, પરમ પ્રભુની કલ્પના તેના અજ્ઞાન ઉપર જ આધારિત હોય છે. તેમ છતાં તે તેની પ્રગતિમાં સહાયરૂપ બનતાં જ હોય છે. પણ એક વખત તેની ચેતના વધારે પ્રગટ અને સભાન બને છે કે તરત તેને પોતાની જ માન્યતાઓ, શ્રદ્ધાઓ અને આદર્શો ખોટા અને અધૂરા લાગવા માંડે છે. તેમાં ફેરફાર કરવાની તેને જરૂરિયાત લાગે છે અને ત્યારે તે કોઈ નવા સંતુલનની શોધમાં નીકળે છે, જે તેના પ્રગટ વિચારોને અનુરૂપ હોય અને તેના જીવનનો આધાર બની શકે. અર્થાત નવું સંતુલન ગોતવાનો પ્રયત્ન એટલે જૂની ભૂલો સુધારવાનો પ્રયત્ન હોય છે. પણ આ પ્રક્રિયામાં ભૂલોનાં મૂલ કારણનો નાશ તો થતો હોતો નથી પણ ઉપરછલ્લી મલમપટ્ટી કરવામાં આવતી હોય છે. ભૂલોના વિવિધ કારણો પૈકી અમુક કારણોને ફક્ત નાબૂદ કરવાનો પ્રયત્ન થતો હોય છે. પણ આ બધા કારણો તો

મૂળ કારણના વિવિધ સ્વરૂપો માત્ર હોય છે અને તેથી આ ઉપાય યોજના પૂરતી અને કાયમી પુરવાર થતી નથી.

વેદાંત આપણને મૂળભૂત કારણના નિવારણનો ઉપાય દર્શાવે છે. તેના મતે બ્રહ્મસાક્ષાત્કાર એ જ સાચો ઉપાય છે. બ્રહ્મ એટલે સર્વવ્યાપી ચેતના જે સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે. વેદાન્તના મતે આ ચેતના સનાતન અને આનંદ સ્વરૂપ છે તે સમગ્ર સૃષ્ટિ મારફત પ્રકટ થઈ રહી છે. તેથી જીવન એટલે અમરતાનો અને આનંદના આવિર્ભાવનું સાધન છે. ભાવનાઓ અને સંવેદનો આનંદના વિવિધ પાસાઓને પ્રકટ કરવાનાં સાધન છે. વિચારો તે પરમ-ચેતનાના સાચા સ્વરૂપને સમજવાનાં સાધનો છે અને બધાં કર્મોનો હેતુ પરમ-ચેતનાના આંતરિક વૈભવને પ્રકટ કરવાનો હોય છે. આ આંતરિક વૈભવની વિવિધતાને નિર્માણ કરવા માટે જ અહંકાર નિર્માણ કરવામાં આવ્યો છે. અહંકાર પોતાનું નાનકડું જગત નિર્માણ કરે છે. પોતાની નિશ્ચિત ક્ષમતાઓને ધારણ કરે છે. પોતાના ખાસ પ્રકારના સ્વભાવને નિર્માણ કરે છે. અને તેની દ્વારા પરમ-ચેતનાના કોઈ એક ખાસ પ્રકારના પાસાની કોઈ શેડને, કોઈ રંગછટાને પ્રકટ કરવા ઈચ્છે છે. આ સંકુચિત આવિર્ભાવ નિર્માણ કરવાની પ્રક્રિયાને લીધે જ ભૂલો નિર્માણ થાય છે. પરમ-ચેતના પોતાનું સમગ્ર સ્વરૂપ ભૂલી જઈને પોતાના સ્વરૂપના કોઈ એક પાસા પુરતી જ મર્યાદિત બની જાય છે. તેને લીધે પરમ-ચેતનાનો આનંદ, વિશાલતા વગેરેમાં વિકૃતિઓ આવી તે વિકૃત રીતે પ્રકટ થવાથી યાતના, મૃત્યુને નિર્માણ કરે છે. તેથી વેદાંતના દર્શન કાળમાં જ્યારે તેનો વિકાસ તત્ત્વજ્ઞાનની એક ધારા તરીકે થઈ રહ્યો હતો ત્યારે એવા મતને પ્રાધાન્ય આપવામાં આવ્યું કે અહંકાર જ દ્વંદ્વો સર્જે છે. તે જ બધી ભૂલોનું કારણ છે અને તે જ યાતના, દુઃખ, મૃત્યુની ઘટનાઓ માટે જવાબદાર છે. તેથી અહંકારનું નિર્મૂલન એ જ તેનો ઉપાય છે. અહંકારનું નિર્મૂલન થતાં જ સાધકની ચેતના નિષ્ક્રિય ચેતનામાં સરી પડે છે. સાધક જગતની પ્રવૃત્તિઓથી વિમુખ બની જાય છે. તે નિવૃત્તિમાં સરી પડે છે. આ નિવૃત્તિપરાયણ અર્થને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું. સંસાર અસાર છે, ભ્રમ છે, માયા છે એવી ધારણા દૃઢ કરવામાં આવી. વેદાંત સન્યાસપ્રધાન બની ગયો.

પણ આ વિકાસમાં મોટી ભૂલ થયેલ હતી. અહંકારને લીધે આ બધી વિકૃતિઓ નિર્માણ થઈ એવું સમજવામાં આવ્યું પણ વાસ્તવિકતા એ છે કે અહંકાર તો વ્યક્તિગત આવિર્ભાવનું એક કેન્દ્ર છે પણ તે કેન્દ્ર મારફત જે અજ્ઞાનમય ચેતના પ્રકટ થતી હતી તેના આ બધા પરિણામો હતાં. અહંકારને શુદ્ધ કરતાં તે આવિર્ભાવનું કેન્દ્ર તરીકે ચાલુ રહીને પણ પેલી મર્યાદા નિર્માણ કરનારી ભૂલોની પરંપરાને ટાળી શકાય છે. જ્યારે અહંકાર શુદ્ધ થાય છે, દિવ્ય થાય છે ત્યારે તે ચૈત્યપુરુષ ચેતનાના દિવ્ય આવિર્ભાવનું કેન્દ્ર બની જાય છે. સાધક આ પ્રક્રિયાને કારણે પ્રવૃતિમય જીવનને ત્યાગતો નથી અને છતાં સાચી જ્ઞાનમય ભૂમિકામાં રહી શકે છે. તે ચેતનાનું દિવ્ય કેન્દ્ર બની જાય છે.

આ દિવ્ય કેન્દ્ર જ આપણા ભૌતિક આવિર્ભાવનો આધાર બની જાય છે. તેમાંથી જ પ્રથમ નિર્માણ થયેલાં અશુદ્ધ, અજ્ઞાનમય શરીર, પ્રાણ અને મન ધીમે ધીમે શુદ્ધ થતાં થતાં અંતે દિવ્યતાને ધારણ કરે છે અને અંતે પરમ પ્રભુને ભૌતિક સ્તરે પ્રકટ કરવાનું માધ્યમ બની રહે છે. વેદોમાં 'હૃદય સમુદ્રમ્'ની કલ્પના આવે છે. આ શબ્દ વેદોમાં વૈશ્વિક અવચેતન માટે વાપરેલો છે. આ વૈશ્વિક અવચેતનમાંથી જ અનંત અહંકારોની વણઝાર પ્રકટ થાય છે. પ્રથમ આ અહંકારો કુટુંબ, શહેર, રાષ્ટ્ર વગેરે સમૂહોમાં કૃત્રિમ એકતા નિર્માણ કરવાનો પ્રયત્ન કરે છે. પણ તેમની આ બધી પ્રવૃત્તિ અજ્ઞાનના આધારે હોવાથી સાચી એકતા તેઓ ક્યારે પણ નિર્માણ કરી શકતાં નથી. સમાન સ્વાર્થ હોય ત્યારે જ આવી એકતા થોડા કાળ માટે નિર્માણ થતી દેખાય છે.

ઉત્ક્રાંતિને લીધે અહંકારમાં પણ શુદ્ધિકરણ થતાં અહંકાર પોતાના સ્વકેન્દ્રી વિચાર છોડતો જાય છે. આ સાધનાનો અને દિવ્ય-જીવનનો પાયો નાખવાની શરૂઆત બની રહે છે. ધીમે ધીમે અહંકાર પરમ-ચેતનાના આવિર્ભાવનું એક ભૌતિક કક્ષાનું કેન્દ્ર તરીકે વિકાસ પામે છે. આ સિદ્ધિ જ દિવ્ય જીવનને પૃથ્વી ઉપર પાંગરવા માટે ખૂબ જ પાયાની છે. ભૌતિક જગતની આ ક્ષમતા છે અને તે માટે જ તેનો આવિર્ભાવ થયેલો હોય છે. આને કારણે દિવ્ય જીવનનો મજબૂત પાયો નંખાય છે.

### અવતરણો

# જ્ઞાન અને ધ્યાન

(માતૃવાણી - ૩, પૃ. ૧૦૧-૧૦૯)
પ્રકરણ - ૪૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ સત્ય અને જ્ઞાન જેમાં હાજર હોય છે તેવી ચેતનામાં યોગી પોતે રહેતો હોય છે..... તેથી કરીને તે સર્વ પ્રકારનું જ્ઞાન મેળવી શકે છે. પૃ. ૧૦૧

૨ જ્ઞેય પદાર્થ જોડે એકતા કરીને તમે સીધેસીધું જ્ઞાન મેળવી શકો છો. પૃ. ૧૦૧

૩ 'યોગી' શબ્દ ઘણો અસ્પષ્ટ અને વિશાળ અર્થવાળો છે.... તેમાં પણ ચઢતી-ઊતરતી કક્ષાઓ છે. પૃ. ૧૦૨

૪ મનનો એ ઊર્ધ્વ સ્તર એનાથી પણ પર એવી જ્યોતિ વડે પ્રકાશિત થએલો હોય છે. પૃ. ૧૦૩

૫ મનનું એક એવું સ્તર છે કે જેમાં પદાર્થમાત્રની સ્મૃતિ સંચિત થઈને હમેશાં જળવાઈ રહે છે. તમે તે પ્રદેશમાં જરૂર જઈ શકશો અને પૃથ્વીની એ સ્મરણપોથીમાં જે નોંધાએલું છે તે જાણી શકશો. પૃ. ૧૦૩-૧૦૪

૬ સત્ય ચેતનામાં પ્રાપ્ત થતું જ્ઞાન મનની અર્ધજ્ઞાનવાળી સ્થિતિ જોડે બંધબેસતું થવું જોઈએ. એવી માગણી પણ તમારે ન કરવી જોઈએ. પૃ. ૧૦૪

૭ મનની ક્રિયાઓમાં, પ્રાણની પ્રવૃત્તિઓમાં તથા સ્થૂળ પદાર્થોની ગતિમાં પણ, કહો કે સમસ્ત વિશ્વની લીલામાં, વિજ્ઞાનમય-ચેતના ઘણો રસ લે છે, પણ જુદી જુદી રીતે. પૃ. ૧૦૫

૮ ગમે તે ઉપાય કે ગમે તે રીત અજમાવો; અને તેનો પ્રયોગ કરવામાં..... શક્તિ મેળવી હોય છતાં છેવટનું પરિણામ તો તમારે ભગવાનના હાથમાં જ સોંપવું જોઈએ. પૃ. ૧૦૬

**૯ અડગ શ્રદ્ધા એ ભગવાનની તપઃશક્તિની હાજરીની નિશાની છે. પૃ.૧૦૭**

**૧૦ ધ્યાન કરતી વખતે.... તમારી સમગ્ર ચેતનામાં એક સંપૂર્ણ અને અનન્ય સહૃદયતા છવાઈ જવી જોઈએ. પૃ.૧૦૮**

**૧૧ ધ્યાન કરવા બેસો ત્યારે બાળક જેવા ભોળા, નિખાલસ અને સરળ થવું જોઈએ. પૃ.૧૦૮**

❖

''માતાજી, બધું જ જાણી શકવાની ક્ષમતા યોગી મેળવી શકે ? શું તે વિજ્ઞાનક્ષેત્રના, તત્ત્વજ્ઞાનના, વ્યવહારના બધાં જ કોયડા ઉકેલી શકે છે ?''

''સૈદ્ધાંતિક રીતે તે શક્ય છે કારણ પ્રભુ સર્વજ્ઞ છે અને યોગી પ્રભુ સાથે એકરૂપતા સાધતો હોવાથી તેમાં તે સર્વજ્ઞતા પ્રગટ થવી શક્ય છે.

યોગી સર્વજ્ઞ બને છે તેનો અર્થ તેના મનમાં દરેક વસ્તુની વિગતો ભંડારેલી હોય છે. તે જીવંત જ્ઞાન-કોષ બની જાય છે એવો નથી, પણ તેમાં જ્ઞાન મેળવવાની એક મનોમય કરતાં પણ ઊર્ધ્વકક્ષાની ક્ષમતા વિકાસ પામે છે જેને ''પ્રજ્ઞા'' કહેવાય છે. તે તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવે છે, વિગતો જાણીને નહિ (knowledge by identity) સત્ય-ચેતનાની આ મૂળભૂત ક્ષમતા છે, કારણ સત્ય બધે જ હાજર છે અને તે બધાં સાથે તદ્‌રૂપ છે. તે સર્વરૂપ પણ છે તેથી તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન સીધેસીધું મેળવી લેતા આવડે છે. યોગી આવી સત્ય-ચેતનામાં રહેતો હોવાથી તેમાં પણ આવી શક્યતા છે જ. યોગી કોઈ વસ્તુનું ક્ષેત્રફળ આપણી જેમ ગણિતની ગણતરી કરીને નથી મેળવતો પણ સીધેસીધી રીતે તેની સાથે એકરૂપ થઈ મેળવી લે છે.

યોગી સત્ય-ચેતના જાણતો હોય છે, પણ તેનું વિકૃતિ-સ્વરૂપ, બાહ્યસ્વરૂપનું જ્ઞાન તેને ન પણ હોઈ શકે. તેને પોતાનું જ્ઞાન અભિવ્યક્ત કરવાની ક્ષમતા પણ ન જણાતી હોય. તેથી પણ તે જવાબ ન આપે અથવા તેને તે પ્રશ્ન એક વાદવિવાદ કરવાનું બહાનું છે એમ જાણીને પણ ન આપે અથવા તે બાબત મૌન રહેવું જ યોગ્ય છે એમ તેનો અંતરાત્મા કહેતો હોય તો પણ જવાબ ન આપે. યોગી ચમત્કારો સર્જવા, પોતાની વિલક્ષણ ક્ષમતાઓ દર્શાવી પ્રસિદ્ધિ મેળવવા નાખુશ હોય છે.

બીજું, યોગીઓના પણ ઘણા પ્રકાર છે, કારણ યોગના પણ ઘણા પ્રકાર છે. દરેક યોગનું અંતિમ લક્ષ્ય કે ઉપલબ્ધિ સત્ય-ચેતના જ નથી હોતી. ઘણા યોગો ગૂઢવિદ્યાની વિશિષ્ટ ક્ષમતા મેળવવા જ કરવામાં આવે છે, તેથી યોગીઓની પણ ક્ષમતાની કક્ષાઓ પડે છે, તેથી દરેક યોગી સર્વજ્ઞ હોવો જરૂરી નથી. તે સર્વજ્ઞ નથી તેથી તે યોગી નથી એમ પણ ન કહી શકાય. તે પૂર્ણયોગી જરૂર હોતો નથી એ સત્ય છે. દરેક યોગીની ચેતનાની કક્ષા જુદી જુદી હોય છે.''

'માતાજી, આઈન્સ્ટાઈને સાપેક્ષતાવાદનો સિદ્ધાંત માનસિક-ચેતનામાં રહીને નહિ પણ આંતરપ્રેરણાથી શોધી કાઢ્યો, તો તેવી પ્રેરણા અને વિજ્ઞાનમય ચેતનાનો સંબંધ કયા પ્રકારનો હોય છે?''

''મનના ક્ષેત્રની ઊર્ધ્વકક્ષાએ પ્રકાશમય મનની અને તેના ઉપરની કક્ષા હોય છે. ત્યાં આવું સહજજ્ઞાન મળી શકે છે, પણ તેનો વિજ્ઞાનમય ચેતના સાથે પ્રત્યક્ષ સંબંધ હોતો નથી. તે બન્ને વચ્ચે અંતરિયાળ જુદી જુદી મનની જ કક્ષાઓ છે. દા.ત. આંતરપ્રેરણાત્મક-મન, અધિમનસ અથવા દિવ્યમન વગેરે. તેમનાં જ્ઞાનનો પ્રકાશ પણ તીવ્ર અને ઝળહળતો હોય છે, જેની સાથે સંપર્ક સધાતા માણસને લાગે છે કે તેણે અંતિમ-સત્યનો સાક્ષાત્કાર કર્યો છે.

આ ભ્રમનું બીજું પણ વાસ્તવિક કારણ હોય છે. મનના એક સ્તરમાં બ્રહ્માંડમાં થતી બધી ઘટનાઓનાં સૂક્ષ્મ સંસ્કારો સચવાઈ રહેલાં હોય છે. (પુરાણોમાં આને ચિત્રગુપ્તનો ચોપડો કહે છે. ચિત્રગુપ્ત એટલે ગુપ્ત-ચિત્ર) તેમાંથી આવી વ્યક્તિને જરૂરી વિગતો મળે છે, તેથી તેને અંતિમ સત્યનો આભાસ થવા માંડે છે.

ઉપર જણાવેલી ચેતના સાથે સંપર્ક સાધવા આપણે શરીર, ઈન્દ્રિયો, પ્રાણ, મનની બધી ગુલામીમાંથી મુક્ત થઈ શાંત ચિત્ત બનવું પડે છે અને પછી સંકલ્પબળે જોઈતી વિગતની અભીપ્સા કરવાની હોય છે, ત્યારે તે ચેતનાનો સંબંધિત અંશ કલ્પના-જગત તરીકે તમારી સામે પ્રગટ થવા લાગે છે. પણ સત્ય તો આની પાછળ જ સંતાએલું રહી જાય છે.

વિજ્ઞાનમય ચેતના સત્યને જાણનારી સત્ય ચેતના છે. તે સર્વજ્ઞ હોવા છતાં તેના જ્ઞાનની વિગતો આપણા જેવા મનોમય પ્રાણીને સમજવી મુશ્કેલ હોય છે,

કારણ આપણે મનનાં ચોખટામાં જ સમજી શકીએ છીએ. વિજ્ઞાનમય-ચેતના આવા ચોખટામાં બંધાતી નથી.

‘‘માતાજી, વિજ્ઞાનમય-ચેતના જગતની પ્રવૃત્તિઓમાં રસ લે છે ? વિજ્ઞાનમય-ચેતનાને સમગ્ર બ્રહ્માંડમાં થતી ગતિવિધિમાં રસ હોય છે, પણ મન રસ લે તેવો હોતો નથી. તેને પ્રભુનો શુદ્ધ, પૂર્ણ, સ્થાયી-આવિર્ભાવ કરવામાં રસ હોય છે. વ્યક્તિગત પસંદગીનો રસ હોતો નથી.’’

‘‘કઠપૂતળીના ખેલ કરનારનો રસ અને તે ખેલને જોનારનો રસ જુદા જુદા પ્રકારનો હોય છે. ખેલ જોનારને નવીનતાનો રસ હોય છે અને ખેલ કરનારને પૂર્ણતા પ્રાપ્ત કરવામાં રસ હોય છે. ખેલ કરનાર કઠપૂતળીના ખેલની સમગ્ર પ્રક્રિયા જાણે છે, પ્રેક્ષક જાણતો નથી. ખેલ કરનાર શાંત હોય છે. પ્રેક્ષક ઉત્સુક અને ઉત્તેજિત. ખેલ કરનાર કઠપૂતળીને માત્ર માધ્યમ ગણે છે. પ્રેક્ષક તેને જીવંત અને સ્વતંત્ર વ્યક્તિ. ખેલ કરનારને ભ્રમ હોતો નથી, પ્રેક્ષકને ભ્રમ હોય છે.’’

‘‘માતાજી, શારીરિક-વ્યાધિ કે અપૂર્ણતા મટાડવા સાધકે શું કરવું જોઈએ ? તેમાંથી મુક્ત થવા એકાગ્રતા, સંકલ્પબળને સક્રિય કરવાં જોઈએ ? પ્રભુને સમર્પિત બની તેવું યોગ્ય સમયે થશે તેવી શ્રદ્ધા રાખવી જોઈએ ? કે વાસ્તવિક પ્રયત્નો કરવા જોઈએ ?’’

‘‘આ બધાં જુદી જુદી કક્ષાના જુદા જુદા ઉપાયો જ છે. તે દરેક પ્રસંગે યશસ્વી થશે જ એવું પણ નથી. તમે એકાગ્રતા અને સંકલ્પબળે આધ્યાત્મિક-શક્તિઓને પોતાના હેતુ માટે પ્રયોજી શકો છો અથવા પ્રભુ સામે પ્રાર્થનારૂપે પોતાની સમસ્યા મૂકી મદદ માંગી શકો છો અથવા વ્યવહારુ ઉપાયો પણ યોજી શકો છો.

બધા પ્રયોગો છતાં અંતિમ પરિણામ ભગવાન ઉપર છોડી દેવું એ જ યોગીની સાચી ભૂમિકા છે. ફળ બાબત અનાસક્તિ જરૂરી છે. પ્રભુની કૃપા ઉપર શ્રદ્ધા રાખવી જરૂરી છે.’’

‘‘માતાજી, સાધકને પરિણામની પૂરેપૂરી ખાતરી હોય અને ભગવાન આપશે જ એવું લાગતું હોય તો ?’’

‘‘આવી ઉત્કટ-શ્રદ્ધા પ્રભુની તપઃશક્તિની હાજરી સૂચવે છે, પણ તે

અહંકારજન્ય મિથ્યાગ્રહ ન હોવો જોઈએ.''

''માતાજી, નીરવ-ધ્યાનમાં કઈ શક્તિઓ સક્રિય બને છે?''

''તે તો સાધકની અભીપ્સા ઉપર આધાર રાખે છે.''

''પણ માતાજી, નીરવ-ધ્યાનમાં વ્યક્તિ શૂન્યવત્ બની જાય છે, ત્યાં અભીપ્સા કેવી રીતે હોઈ શકે?''

''તમારી મનની શૂન્યતા કે નીરવતા અભીપ્સાને રોકી શકતી નથી. અભીપ્સા પ્રાણદ્વારા, મનદ્વારા, ચૈત્યપુરુષદ્વારા કે આત્માદ્વારા પણ પ્રગટ થઈ શકે છે. પ્રભુએ પોતે પણ અનંતરૂપે થવાની અભીપ્સા સેવેલી જ છે, તેથી તે અભીપ્સાનો પ્રત્યુત્તર જે તે કક્ષાએ જ નિર્માણ થાય છે. નીરવતા પણ વિવિધકક્ષાની શાંત નિષ્ક્રિય અવસ્થા જ હોય છે.

બીજું, એકલા વ્યક્તિગત ધ્યાન અને સામૂહિક-ધ્યાનમાં આંતરિક અને બાહ્ય- પરિસ્થિતિ જુદીજુદી રીતે સર્જાય છે અને દરેક પ્રસંગે વ્યક્તિગત કે સામૂહિક પરિસ્થિતિ જુદીજુદી હોવાથી તેવો જ તફાવત અભીપ્સાના પ્રત્યુત્તરમાં પણ પડશે જ. એક જૂની કહેવત છે - પંચ ત્યાં પરમેશ્વર અથવા બાર લોકોનું સાચું સામૂહિક-ધ્યાન પ્રભુને પ્રગટાવે છે.''

''સાચા ધ્યાનમાં કેવી પરિસ્થિતિ સર્જાય છે?''

''તે સમજી લેવી જરૂરી છે. સાચા ધ્યાનમાં અચૂક રીતે એક પ્રકારની સહૃદયતા, સર્વ મંગળતાની ભાવના પ્રગટે છે. સહૃદયતા એટલે ચેતનાનાં બધાં જ સ્તરોમાં આવતું પ્રભુ પ્રત્યેનું ખુલ્લાપણું અને તેથી અનુભવાતી પવિત્રતા, મંગળમયતા, દિવ્યતા. આપણા બધા જ પૂર્વગ્રહો શાંત, શૂન્યવત્ બની જાય છે. વિચારોનો પ્રવાહ આછોપાતળો થઈ જાય છે અને તેમાં પણ ધ્યાનને પોષક ભાવ જ પ્રગટે છે. એક પ્રકારની બાળક જેવી નિખાલસતા, સરળતા પ્રગટે છે. કોઈ આગ્રહ નહિ, અપેક્ષા નહિ. એક શાંત શુદ્ધ તૃપ્તભાવ માત્ર. શુદ્ધ અસ્તિત્વનો સાક્ષાત્કાર માત્ર. ત્યારે જ પ્રભુની દિવ્ય-શક્તિઓ અવતરણ પામે છે. તે સાધક પોતાની ક્ષમતાનુસાર જ ધારણ કરી શકે છે. પ્રભુનો પ્રત્યુત્તર તેમાં તમને મળશે.''

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# શિવ-શક્તિનું નર્તન

પ્રકરણ-૨૬

(Savitri B-1, C-4, P-61)

There are Two who are One and play in many worlds;
In Knowledge and Ignorance they have spoken and met
And light and darkness are their eyes' interchange.
Our pleasure and pain are their wrestle and embrace.
Our deeds, our hopes are intimate to their tale;
They are married secretly in our thought and life.

આવી રીતે પુરુષ અને પ્રકૃતિ બે જુદાંજુદાં દેખાવા છતાં બન્ને ખરેખર તો એક જ છે. રમત કરવા એક જ તત્ત્વે પોતાના બે રૂપો સર્જ્યાં છે અને અનંત જગતોમાં જ આ બન્ને લીલા કરી રહ્યાં છે, રમત રમી રહ્યાં છે, આ લીલાને રસપૂર્ણ કરવા તેઓ આંખમિંચોલી રમે છે. તારામૈત્રક રચે છે (interchange) કોઈ વખત જ્ઞાનનાં, કોઈ વખત અજ્ઞાનનાં (Knowledge and Ignorance) જ્યારે જ્ઞાનના નેત્રથી તારકમૈત્રી રચે છે, એકબીજાને સ્નેહથી જાય છે, ત્યારે તેઓ એકરૂપ થઈ જાય છે. પ્રેમનો સંવાદ રચે છે. આતો જાણે લાસ્યનૃત્ય કરતાં હોય છે. લાસ્યનૃત્ય ભગવાન શિવ અને ભગવતીનું યુગલનૃત્ય છે, જેમાં તેઓ આનંદવિભોર થઈ અર્ધનારી નટેશ્વરનો આનંદ લે છે. લસ એટલે વિલસવું, શોભવું, પ્રકાશપૂર્ણ આનંદપૂર્ણ થઈ જવું, તેથી આ યુગલ નૃત્યનું નામ છે લાસ્ય.

જ્યારે અજ્ઞાનનાં નેત્રોથી નેત્રપલ્લવ રચે છે ત્યારે બે શત્રુઓ બાઝતા હોય તેવો એકબીજા ઉપર પ્રહાર કરે છે. તદ્દન વિરોધ અનુભવે છે. બીજાને પાસે પણ

જાણે આવવા દેતા નથી. જાણે એકલા જ ક્રોધમાં ગાંડાતૂર બની ઉછળે કૂદે છે. આ છે તાંડવ-નૃત્ય. તડ એટલે તાડન કરવું, આઘાત કરવો, મારવું, તેની ઉપરથી નામ પડ્યું તાંડવ-નૃત્ય. પણ આ બન્ને નૃત્યો ખરેખર હોય છે પરમ-આત્માનાં જ તેના માટે આ બન્ને આખરે તો આનંદપૂર્ણ નૃત્ય જ બની જાય છે. તે પણ નૃત્યનો પ્રકાર જ છે. આ ત્રીજું પણ શિવ-પાર્વતીનું લોકોને ખબર નથી એવું નૃત્ય છે. તેને કહે છે નાદાંત નૃત્ય. ત્યાં નાદનો અંત આવે છે, તેથી તેને નાદાંત-નૃત્ય કહે છે. લાસ્ય નૃત્યમાં પ્રેમાલાપ હોય છે. પ્રેમનો બંસરીનાદ હોય છે તાંડવ-નૃત્યમાં બન્નેનો સિંહનાદ હોય છે. એકબીજાને પડકારતાં હોય છે, હાકોટા લેતા હોય છે, જ્યારે આ બન્નેના આ બન્ને પ્રકારના નાદ જે બન્ને અલગ હોવા છતાં જોડાય છે. ત્યાં સૂક્ષ્મભેદ રહી જ જાય છે. પણ જ્યારે આ સૂક્ષ્મભેદ પણ નષ્ટ થઈને જ પુરુષ અને પ્રકૃતિ શક્તિમાન પુરુષ અને તેની શક્તિ સ્વરૂપ સર્જન-શક્તિ બન્ને એકરૂપ થઈ જાય છે, ત્યારે ભેદ રહેતો નથી. અગ્નિ અને તેની દાહકતાને જુદી પાડી શકતા નથી. અગ્નિ સાથે દાહકતા પણ શમી જાય છે. દાહકતા એ અગ્નિની શક્તિ છે. શક્તિ અને શક્તિમાન દેખાય જુદાં, છતાં એકરૂપ બની જાય છે. તેમનો વિયોગ શકય જ નથી. આવી આત્મા અને તેની આત્મ-શક્તિની પૂર્ણ એકરૂપતા સ્થિતિ એ જ નાદાંત નૃત્ય છે ત્યારે બધું જ સામ્યાવસ્થામાં આવી જાય છે. પ્રપંચ-શમી જાય છે. પ્રપંચ એટલે પાંચ તત્ત્વોનો (પંચ) પ્રકોપ. (પ્ર) આકાશથી માંડી પાર્થિવતત્ત્વ સુધીનાં આ પાંચ તત્ત્વો જેમને પંચમહાભૂતો કહીએ છીએ, તેમના પુરુષ ઉપર થતા તીવ્ર પરિણામો એ જ પ્રપંચ છે. તે શમી જાય છે. શાંત થઈ જાય છે. આ જ ભગવાન શિવનું સ્મશાન છે, કૈલાશ છે જ્યાં કેલી અર્થાત્ રમત પૂરી થઈ જાય છે.

આવી આ પુરુષ અને પ્રકૃતિની રમત ચાલી રહી છે. લીલા થઈ રહી છે. કોઈ વખત અજ્ઞાની થવાની રમત, કોઈ વખત જ્ઞાનીની રમત. કોઈ વખત અજ્ઞાનમય વિસંવાદ, કોઈ વખત જ્ઞાનમય સંવાદ. કોઈ વખત અજ્ઞાનમય આલિંગન તો કોઈ વખત જ્ઞાનમય એકરૂપતા (spoken and met) તેમના એકબીજા પ્રત્યેના નેત્ર કટાક્ષો કોઈ વખત અજ્ઞાનમય મોહવશાત્ હોય છે તો

કોઈ વખત જ્ઞાનમય સમર્પણના. દુઃખદર્દમાં જાણે તેઓ સંઘર્ષ ખેલે છે, તો આનંદમાં પ્રેમની કેલી. (wrestle and embrace) આપણી આશા-આકાંક્ષાઓ (hopes) અને તેથી થતાં કર્મોનાં તાણાવાણામાંથી તેમના જીવનની જાણે નવલકથા લખાય છે.(intimate to their tale) આપણા જીવનની સુભગ પળોમાં તેઓ ગુપચુપ ગાંધર્વ-લગ્ન કરે છે. પ્રેમલગ્નથી બંધાય છે અને દુર્ભાગી ક્ષણોમાં રિસાય છે. આવા રિસામણા-મનામણાની ઘટનાઓનું પુનરાવર્તન આપણા વિચારોમાં અને જીવનમાં સતત થતું જ હોય છે (thought and life)

The universe is an endless masquerade:
For nothing here is utterly what it seems.
It is a dream-fact vision of a truth
Which but for the dream would not be wholly true.
A phenomenon stands out significant
Against dim backgrounds of eternity;
We accept its face and pass by all it means;
A part is seen, we take it for the whole.

પણ આ જગતની નવલકથા એટલે એક એવો જલસો છે જેમાં બધાંએ વિવિધ મુખવટા પહેર્યાં છે (masquerade) જેવું આ જગત દેખાય છે તેવું તે ખરેખર નથી. વાસ્તવિકતા તો તદ્દન જુદી જ છે. બહારના મુખવટા અર્ધસત્ય માત્ર છે (nothing here is utterly what it seems) જેમ સ્વપ્નમાં સત્ય વાસ્તવિક પ્રતીકો દ્વારા પ્રગટ થાય છે, (dream-fact vision of a truth) તેમ જગત પાછળ રહેલ સત્ય પણ જગત દ્વારા ક્યાંક ક્યાંક પ્રતીકાત્મક રીતે ડોકાય છે. તેના સંદર્ભ વિના જગત નિરર્થક બની જાય છે તે પ્રસંગ કે ઘટના ચિરંતન સત્યની પાર્શ્વભૂમિમાં જ (backgrounds of eternity) સૂચક બને છે અન્યથા નહિ. આપણે આપણી છીછરી સમજણથી તે સૂચક ચિહ્નનો બાહ્ય આભાસ જ સ્વીકારી લઈએ છીએ (its face) અને તેનો ગૂઢાર્થ (it means)ને

(અનુ.પૃ.૩૮ ઉપર)

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# કેન્દ્રસ્થ સ્વરૂપ

(ભા.-૧, પૃ.૨૯૬-૩૦૨

પ્રકરણ - ૯

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ જીવાત્મા એટલે સજીવ પ્રાણી

૨ જીવાત્મા એટલે વ્યક્તિગત ચેતના (જીવ અર્થાત્ ચૈત્યપુરુષ જે જન્મોની પ્રક્રિયામાં પ્રવેશીને વિકસતો હોય છે. તેના આધાર તરીકે રહેલ પરમ-પ્રભુનો અંશ જે જન્મમરણની પ્રક્રિયાથી પર છે, અલિપ્ત છે. - ગીતા) તેથી તેને પરમાત્માનો શાશ્વત અંશ કહે છે. તેથી જીવાત્મા એટલે પ્રાણીમાત્રની વ્યક્તિ-ચેતનાનો આધારભૂત પ્રભુનો અંશ. અદ્વૈત વેદાંતમાં આત્મા અવિભાજિત હોવાથી જીવાત્મા તરીકેનું તેનું અલગ અસ્તિત્વ માન્ય રાખેલું નથી. રામાનુજાચાર્ય વિશિષ્ઠાદ્વૈતમાં તેનું અસ્તિત્વ માન્ય રાખે છે પણ સ્વતંત્ર અસ્તિત્વ નકારે છે. મધ્વાચાર્યનાં શુદ્ધ દ્વૈતમાં તે કેન્દ્રસ્થ સ્વરૂપ છે. તે આપણી વિકાસ પ્રક્રિયાનાં અધ્યક્ષસ્થાને છે. જીવાત્મા વ્યક્તિગત હોવા છતાં તે વૈશ્વિક-ચેતના અને વિશ્વાતીત-ચેતના સાથે એકરૂપ થએલો હોય છે અને તેથી બધાં સાથે એકરૂપતા અનુભવી શકે છે અને બધાં આવિર્ભાવથી પર છે એવું પણ અનુભવે છે. ભૂતમાત્ર (સર્વભૂતાનિ) એ જીવાત્મા નથી. તે તો ચૈત્યપુરુષનાઅધૂરાં આવિર્ભાવો માત્ર છે.

જીવ અર્થાત્ ચૈત્યપુરુષ જીવાત્માનો જ ચિત્તમાં પ્રક્ષેપિત ભાગ હોય છે. તેથી તેને ચૈત્યપુરુષ કહેવાય છે. તે એક પ્રકાશમય જ્યોત કે સ્ફલિંગ સ્વરૂપ છે. તે પોતાની દિવ્યપ્રકૃતિને વિકસાવી પોતાના સ્વરૂપને ઘાટ આપે છે. આ પ્રક્રિયા જન્મોજન્મ ચાલતી હોય છે. તેમાં તે અપરાપ્રકૃતિનાં મન, પ્રાણ, પાર્થિવતત્ત્વને શુદ્ધ અને દિવ્ય કરીને પરાપ્રકૃતિમાં રૂપાંતરિત કરી પછી તેને

પોતાના સ્વરૂપના ભાગ તરીકે સ્વીકારે છે. અપરાપ્રકૃતિ એટલે અધૂરી, અશુદ્ધ, મલિન, ગાંઠાળી, અપ્રકાશિત, અવચેતન અને અચેતનનાં પ્રભાવ નીચે કાર્ય કરતી પ્રકૃતિ.

પરમાત્મા પોતે શુદ્ધ અસ્તિત્વ માત્ર છે (સત્-સ્વરૂપ) પણ તે પોતાના અસ્તિત્વનો અનુભવ લઈ આનંદ માણી શકે છે (આનંદ સ્વરૂપ) તેને being કહેવાય છે. તે એકમાત્ર પરમાત્મા જ્યારે પોતાની દિવ્ય-પ્રકૃતિની મદદથી અનંતરૂપો ધારણ કરવાની પ્રક્રિયા શરૂ કરે છે ત્યારે સંભવ-પ્રક્રિયા શરૂ થાય છે. તે પ્રક્રિયાથી જ તે 'જીવ' કે ચૈત્યપુરુષ બને છે (પરાપ્રકૃનિર્જીવભૂતા) ચૈત્યપુરુષ પણ સનાતન છે, અક્ષર છે, કારણ અમુક નિશ્ચિત શક્યતાઓને પોતામાં ધારણ કરી રાખેલ છે. તે શક્યતાઓને તે ઉત્ક્રાંતિ દ્વારા ભૌતિક-સ્તરે ચૈતસિક-વ્યક્તિ તરીકે વાસ્તવિક કરવાનો જ છે, પણ તેનું મૂળ આત્મ-સ્વરૂપ જીવાત્મા તો વિશ્વાતીત વસ્તુ છે. જીવાત્માનું કેન્દ્ર મસ્તકની ઉપર છે પણ ચૈત્યપુરુષનું હૃદયમાં ખૂબ ઊંડે ઊંડે. તે આધ્યાત્મિક જ્ઞાન કરતા આધ્યાત્મિક લાગણીઓથી ભરપૂર છે. આધ્યાત્મિક જ્ઞાન તો જીવાત્મામાં છે, જ્યાંથી ચૈત્યપુરુષ પ્રેરણા લે છે. ચૈત્યપુરુષ મન, પ્રાણ, શરીરનાં કાર્ય કરે છે. વિકસિત અવસ્થામાં તે સીધેસીધો ભૌતિક-જીવન ઉપર પ્રભાવ પાડે છે. તેના પ્રભાવને કારણે શુદ્ધ મનોમય, પ્રાણમય અને પાર્થિવ પુરુષને ભાવિનાં એંધાણ મળતાં હોય છે. તેઓ પ્રકૃતિનાં ગુહ્ય-બળોની દૃષ્ટિએ તો ચૈત્યપુરુષનાં જ પ્રતિનિધિ સ્વરૂપ હોય છે. જેમજેમ આ ત્રણે પ્રતિનિધિ ચૈત્યપુરુષનાં પૂર્ણપ્રભાવ નીચે રહેવા માંડે છે. તેમતેમ તેઓ પોતાની પાછળ રહેલા ચૈત્યપુરુષ બાબત સભાન બનતા જાય છે અને તેનો પ્રભાવ વધારે ને વધારે સંનિષ્ઠભાવે ઝીલતા જાય છે. આને જ ચૈત્યપુરુષ અગ્રભાગે આવવું એમ કહેવાય છે.

પણ શરૂઆતમાં પ્રકૃતિનો બાહ્ય અને આંતરભાગ ચૈત્યપુરુષનો પ્રભાવ ઝીલવા સક્ષમ હોતા નથી. આ બધું સ્પષ્ટ રીતે સમજાવવું બહુ જ મુશ્કેલ છે, કારણ તે વસ્ત અનેક રીતે સમજી શકાય છે. અધિમનસ અંતે મનનો જ અંતિમ ભાગ હોવાથી તેનાં દર્શનમાં પણ આવી વિવિધતા આવી જાય છે જે ખરેખર આંશિક-દર્શનો જ હોય છે પણ તે તેમને અંતિમ સમગ્રસત્ય સમજીને

# દિવ્ય - સંકલ્પ સાથેનાં કર્મો

(ઉપનિષદો - પૃ.૮૪-૮૯)

પ્રકરણ - ૯

(ગતાંકથી ચાલુ)

જીવન દ્વારા જ દિવ્યસંકલ્પ અને દિવ્યપ્રકાશ પ્રગટ થતો હોય છે, તેથી વેદો જણાવે છે કે અવિકસિત સુપ્ત જીવનસ્વરૂપ માતરિશ્વા જ અગ્નિ અને સૂર્યને ઊર્ધ્વ જગતોમાંથી નીચે લઈ આવે છે. તેથી જીવનમાં સાધના કરવાની તીવ્ર અભીપ્સા રૂપ મરુતો જાગે છે અને તે સાધનાના દિવ્યવિચારો, ભાવો તરીકે ખીલવા માંડે છે. તેમને જગવવામાં અગ્નિ પાછળ રહીને મદદ કરે છે, તેથી ઇન્દ્રને પોતાનું કાર્ય કરવું સુલભ બને છે. ઇન્દ્ર એટલે પ્રકાશમય મન. તે અજ્ઞાનરૂપી વૃત્રાસુરને હણે છે, તેથી દિવ્યજ્ઞાન રૂપી દિવ્યસૂર્યનો ઉદય થાય છે અને તેનો પ્રકાશ સાધકના સમગ્ર સ્વરૂપમાં ફેલાય છે. સૂર્યનું કાર્ય આવિર્ભાવ કરવાનું છે. તેની આ આવિર્ભાવ શક્તિને જ સાવિત્રી કહેવાય છે. તે અંતે અમરતાની અવસ્થાને ઉજાગર કરે છે.

આ સમગ્ર સાધનાનાં વિકાસમાં આપણાં શરીર, કર્મો, સંકલ્પો અને જીવનને આપણે પ્રથમ ઉપયોગી હાથવગા સાધનો તરીકે વાપરવાનાં છે.

આપણે શરીર નથી. શરીર આપણું કર્મ કરવાનું બાહ્ય સાધનમાત્ર છે. તે શરીર ભૌતિકતત્ત્વનું બનેલું છે. તે ભૌતિકતત્ત્વ નવો આકાર ધારણ કરે છે અને તે આકાર નાશ પણ પામે છે. આમ, સર્જન-વિસર્જન એ તેનો ગુણ ધર્મ છે. આપણે ભૂલથી આ ગુણધર્મો જીવનનાં માની બેસીએ છીએ. જીવન તો સનાતન વસ્તુ છે. તેના અભિવ્યક્તિનાં સાધનો બદલાય છે, પણ જીવન તો રહે જ છે. તેના આધારે જ કર્મનો સિદ્ધાંત ઊભો છે. જો જીવન મૃત્યુ સાથે જ નાશ પામત તો આ જન્મનાં કર્મોનાં પરિણામ કોણ ભોગવત ? જીવન જ શરીર રચે છે. શરીર જીવનની રચના કરતું નથી.

જીવન જ વિવિધ જન્મોને, તેમનાં વિવિધ કર્મોને એકસૂત્રથી બાંધે છે. પણ જીવન પોતે નિર્ણય લેતું નથી. જીવનની પાછળ જે પ્રભુનો સંકલ્પ છે જેને ક્રતુઃ કહે છે તે જીવનની ઘટનાઓનું આયોજન કરે છે. તે ક્રતુઃ જ્યારે મનમાં પ્રવેશે છે ત્યારે મનોમય સંકલ્પ દ્વારા તે જીવનને બદલે છે.

પણ માનસિક સંકલ્પ દ્વારા સંચાલિત કર્મો ભૂલભરેલાં હોઈ શકે છે કારણ મન પૂર્વાનુભવ રૂપી સ્મૃતિનો ઉપયોગ કરીને નિર્ણય લે છે અને આ પૂર્વાનુભવ પોતે જ મર્યાદિત હોય છે. ચેતનાના સમગ્ર ક્ષેત્રની વિગતો તે જાણતો નથી.

આપણા આ પૂર્વાનુભવોની પાછળ જે પ્રેરણાઓ અને તેની પાછળ જે પ્રભુનો સંકલ્પ રહેલ છે તે જ મૂળ વસ્તુ છે.

તેથી ઉપનિષદ તે સંકલ્પને જ જાગૃત થઈ સંચાલન કરવા વિનંતિ કરે છે. તે ક્રતુને યાદ કરવા કહે છે. તેણે જે વિકાસ કરેલો છે અને કરવાનો છે તેને યાદ કરવા કહે છે (ક્રતો સ્મર કૃતમ્ સ્મર-૧૭) તે ભૂતકાળના અને ભવિષ્યકાળના જીવનોને સંચાલિત કરી તેમનો સમન્વય સાધે અને તેમને પ્રભુના સાક્ષાત્કાર તરફ દોરી જાય એવી વિનંતિ કરે છે.

તેથી ક્રતુ (mental will) અંતે આંતરપ્રેરણા આપનાર મૂળ દિવ્ય સંકલ્પરૂપી અગ્નિ સુધી લઈ જશે.

આ મૂળ સંકલ્પ જ જગતની રચના કરે છે. તેમાં જ્ઞાન અને તેની સર્જનશક્તિરૂપ સંકલ્પ બન્ને એકરૂપ જ હોય છે. તે અગ્નિ જાતકના ભાવિ પ્રગતિનો માર્ગ જાણનારો જાતવેદસ છે. તે અગ્નિ જ સાધનામાર્ગની મુશ્કેલીઓને પાર કરી શકે છે અને નિર્વિઘ્ન એવો સાધના-પથ દર્શાવી શકે છે.

આ અગ્નિ જ અમરતા તરફ લઈ જશે. જ્યારે વ્યક્તિ દિવ્યસંકલ્પને પૂર્ણ સમર્પિત હશે, ત્યારે આત્માના પ્રકાશ સ્વરૂપ સૂર્ય પ્રગટ થશે. આંતરપ્રેરણાઓ સમગ્ર રીતે કાર્ય કરવા માંડશે. વ્યક્તિ વિશ્વચેતનામાં આરોહણ કરશે.

આમ, અમરતા તરફ જવાની બે ચાવીઓ છે :

(૧) પ્રભુ બાબતનું જ્ઞાન અર્થાત્ દિવ્ય સંકલ્પ વિષેનું જ્ઞાન (૨) તે મુજબનું સર્જન. આ બન્ને મળીને જ જ્ઞાનમય ભક્તિ બને છે.

(અનુ. પૃ. ૪૪ ઉપર)

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# સૂર્ય, સવિતૃનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૩-૧૦૬)

પ્રકરણ -૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકનું ચાલુ)

હવે આ સમગ્ર પ્રક્રિયા વિવિધ ઋષિઓના વિવિધ સૂક્તોની પંક્તિઓમાં કેવી રીતે અલપઝલપ તરીકે જોવા મળે છે તેનો આધાર જોઈ લઈએ :

૧ સ્વવર્તીઃ અપઃ - સ્વર્ગમાંના જળો. અર્થાત્ પ્રકાશમય મનનો નિરાકાર પ્રકાશ.

૨ વજ્ર સ્વર્યમશ્માનમ્ - વજ્ર એ સ્વર્ગમાંનો પથ્થર છે અર્થાત્ હીરક પ્રકાશરૂપી વજ્ર (વજ્ર એટલે હીરો - પથ્થર)ની મદદથી ઈન્દ્રે વૃત્રાસુરને માર્યો હતો.

૩ સ્વર્ જ્યોતિર્મયં સ્વસ્તિ (૩-૨-૭) સ્વરનો એ પ્રકાશ ભયથી મુક્ત છે અને ત્યાંનું અસ્તિત્વ સુખમય છે.

૪ અંગિરસોને સૂર્યને શોધનારા, (અવિદત્) પ્રગટ કરતા (અરોચયત્) અને જન્માવતા (અજનયત્) વર્ણવેલ છે.

૫ તેમાં ઈન્દ્રે મદદ કરેલી તેથી ઈન્દ્રને પણ રાત્રીમાંથી પ્રકાશને પ્રગટાવનાર (ક્ષપાં વસ્તા) તથા સૂર્યને જન્માવનાર (જનિતા સૂર્યસ્ય) ગણાવેલ છે. (૩-૪૯-૪)

૬ ઈન્દ્ર પોતાના પ્રકાશથી ઉષા અને સૂર્યને પ્રકાશિત કરતો વર્ણવેલ છે - હર્યન્ ઉષસમ્ સૂર્ય હર્યન્ અરોચયઃ (૩-૪૪-૨)

૭ ઈન્દ્રે સારી રીતે યજ્ઞ કરીને ઉષાને તથા સ્વર્‌ને જન્મ આપ્યો - ઈન્દ્ર સુયજ્ઞા ઉષસઃ સ્વર્ જનત્ (૨-૨૧-૪)

૮ અંગિરસ જે આપણા પિતૃઓ અને વડીલો છે તેમની મદદથી ઈન્દ્ર સૂર્યને જીતે છે - અસ્માકે ભિર્તૃભિઃ સૂર્ય સનત્ - (૧-૧૦૦-૧)

૯ ગાયો, સૂર્ય, સ્વર્ ને પણિઓની પરમગૂઢ સંપત્તિ તરીકે વર્ણવેલ છે - નિધિં પણિનાં પરમં ગુહાહિતમ્ (૨-૨૪-૬)

૧૦ પુરુછેપ દેવોદાસિ પોતાના સૂક્ત (૧-૧૩૦-૩) માં જણાવે છે કે પક્ષીના બચ્ચાની પેઠે (વેર્ન ગર્ભ) અનંત પર્વતમાં (અનંતે અંતરશ્મનિ) એકાંત સ્થાનમાં (પરિવીતમશ્મનિ) સ્વર્ગનો ખજાનો (દિવો નિધિ) ગાયોના વાડાની પેઠે ગુપ્ત રાખેલો (વ્રજં વજી ગવામિવ સિષાસન્) ગુફામાં રાખેલ છે. (નિહિતં ગુહા)

૧૧ હે ઈન્દ્ર, તું ગાયોનો એકમાત્ર માલિક છે. ગવામસિ ગોપતિરેક ઈન્દ્ર (૮-૯૮-૬) તેમ જ પતિર્ગવાનામભવદેહ ઈન્દ્રઃ (૩-૩૧)

૧૨ આ ભૌતિક અસ્તિત્ત્વના અનંત પર્વતની ગુફામાં નિગૂઢ - અનંતે અન્તરશ્મનિ (૧-૧૩૦-૩)

૧૩ ગાયોને ગૌ, ઉસ્રા, ઉસ્રિયા વગેરે શબ્દોથી પણ વર્ણવી છે.

* * *

વૈદિક ઋષિઓના મતે પ્રકાશ અને અંધકાર એ જ્ઞાન અને અજ્ઞાનના પર્યાયવાચી શબ્દો છે. જ્ઞાનમય અખંડ ચેતના એટલે અદિતિ. અજ્ઞાનમય ખંડિત, મર્યાદિત ચેતના એટલે દિતિ. વેદો તેને બે બહેનો કહે છે. પુરાણો બે શોક્ય. અદિતિના પુત્રો દેવ. દિતિના દાનવો. દેવ-દાનવોનું યુદ્ધ માનવ-ચેતનાનો કબજો લેવા થતું હોય છે.

અદિતિને આઠ પુત્રો. છેલ્લો માર્તંડ મૃત-અંડ અર્થાત્ જડ પાર્થિવ તત્ત્વ. અદિતિ તેનો ત્યાગ કરે છે. તેને દાનવો ચોરીને ગુફામાં સંતાડી રાખે છે. તે માર્તંડ અવચેતનના અંધકારમાં પણ અગ્નિની જેમ પોતાનું દિવ્ય-કાર્ય છોડતો નથી. વેદોમાં સૂર્યનાં બે સ્વરૂપ વર્ણવેલાં છે - નિષ્ક્રિય સ્વરૂપ અને સક્રિય સ્વરૂપ. અવચેતનમાં નિષ્ક્રિય પડેલાં સ્વરૂપને 'માર્તંડ' કહે છે. તેના જાગૃત થયેલા સક્રિય સ્વરૂપને સવિતૃ કહે છે. બંનેને 'સૂર્ય' કહે છે. સૂ એટલે સર્જન કરનાર. (સૂયતે, પ્રસૂયતે ઈતિ). દંત-કથા છે કે દક્ષની પત્ની અદિતિ. બીજી દંતકથામાં દક્ષની પુત્રી તરીકે અદિતિને જણાવેલ છે. દક્ષ એટલે સજાગતા, સભાનતા.

સાધકની સ્વસભાનતા જ 'દક્ષ' છે. તેમાંથી જ અસીમ-ચેતના રૂપ પ્રકાશમય ગાય અદિતિ જન્મે છે. તેથી પુત્રી..... બીજી રીતે સભાનતાની પાછળ-પાછળ અસીમ ચેતનાની અનુભૂતિ આવે જ છે તેથી અદિતિ પત્ની બની જાય છે.

અદિતિ દેવોની જ નહિ, પ્રાણીમાત્રની માતા છે.

બીજી દંતકથામાં અદિતિનો પતિ દક્ષ ભૌતિક-ચેતના બાબત જ સભાન બને છે અને અસુર બની જાય છે. ઇન્દ્ર જે અદિતિનો અને દક્ષનો જ પુત્ર છે તે જ પાપી પિતાને હણે છે અને માતાને વિધવા બનાવે છે. અહીં દક્ષ એટલે ભૌતિક જીવનમાં જ અટવાતી ચેતના.

બીજી એક દંતકથામાં અદિતિ વિષ્ણુની પત્ની ગણાવેલ છે. સર્વાન્તરયામી ચેતનાના સાક્ષાત્કાર સાથે જ (વિષ્ણુ) અદિતિની અસીમ-ચેતના તેને અનુસરી પ્રગટ થાય છે, તેથી અદિતિ વિષ્ણુની પત્ની..... પણ સર્વાન્તર્યામી ચેતનાનો સાક્ષાત્કાર પ્રકાશમય મનના (ઇન્દ્રના) અનુભવ બાદ જ આવવાથી વિષ્ણુ ઇન્દ્રનો નાનો ભાઈ થયો. અને તેની પત્ની અદિતિ. (ક્રમશઃ)


**સહજ-સત્સંગ**

**ધ રજીસ્ટ્રેશન ઑફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ, ૧૯૫૬ અન્વયે સહજ-સત્સંગ (માસિક) અંગે માહિતી**

| | | |
|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : રાજકોટ |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર વતી<br>લલિતભાઈ ઉપાધ્યાય (મા મીરે પ્રિન્ટરી) |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ |
| ૪. | પ્રકાશકનું નામ | : મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ વતી<br>શ્રી કમલેશભાઈ માંડવિયા |
| | રાષ્ટ્રિયતા | : ભારતીય |
| | સરનામું | : અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ |
| ૫. | પત્રના માલિકનું નામ | : મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ |
| | તથા સરનામું | : અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ |

અમે નીચે સહી કરનારા આથી જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી પૂરેપૂરી જાણ તથા માન્યતા મુજબ સાચી છે.

**મુદ્રક : લલિતભાઈ ઉપાધ્યાય, પ્રકાશક : કમલેશ માંડવિયા, તંત્રી : માનસિંહ ચાવડા**

તા. ૧૪.૩.૨૦૧૪

## શ્રી અરવિન્દ : પોતા વિષે
- શ્રી અરવિન્દ

# પૂર્ણયોગનો માનવો દ્વારા સ્વીકાર

પ્રકરણ - ૩૨

(પૃ.૧૩૮-૧૪૦)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 Nothing depends on the number. P. 138

2 The majority professed it (Christianity or Buddhism) as a creed without its making the least difference to their external life. P. 138

3 It (integral yoga insist on) a greater-consciousness, the truth-consciousness, that will insist on a real change. P. 138

4 As many must have found some benefit by 'miracles'... in these systems. In our yoga they would find the way closed for that. P. 139

5 It would be... impossible for them to feel that a greater Light and Power had come on the earth. P. 139

6 Even though all cannot rise to the higher, that will mean a greater change for the earth. P. 139

7 I suppose they (the scientists, politicians, intellectuals or common man) are not intended to take it (our yoga) up. P. 139

8 Only an opening can be given for those who want to rise a somewhat higher consciousness. P. 139

9 The inner being gets free, the outer follows still its fixed nature. Our Yoga can suceed only if the external man too change, but that is the most difficult of all things. P. 140

10 It is only by a change of the physical nature that it can be done, by a descent of the highest light into the lower part of Nature. P. 140

11 The internal being of most of the sadhaks here, is still different from that of the ordinary man. Many donot seem even to have awakened to the necessity of a change. P. 140

12 When this is realised and done, that the Yoga will produce its full results in the Ashram itself. P. 14

કોઈકે શ્રી અરવિન્દને જણાવ્યું કે પૂર્ણયોગ તરફ લોકો આકર્ષાતા નથી. તે તેમને સમજવામાં તો અઘરો લાગે જ છે, પણ તે સિવાય પણ લોકો જેટલા ખ્રિસ્ચિયન ધર્મ કે બૌદ્ધ ધર્મ તરફ આકર્ષાય છે, તેવો ઉત્સાહ તેઓ પૂર્ણયોગ પ્રત્યે દર્શાવતા નથી. તેમને તે ધર્મમાં તરત પરિણામો આવતા દેખાય છે. ચમત્કારો પણ તેમના જીવનમાં થાય છે અને તેમના કામો પાર પડે છે. ભારતમાં પણ લોકો હઠયોગ (પ્રાણાયામ-આસનો વગેરે) અને રાજયોગ (ધ્યાન) તરફ વધુ વળે છે. વૈજ્ઞાનિકો, રાજકારણીઓ, બૌદ્ધિક ચિંતકો પણ તેમાં જ રસ લેતા થાય છે. આપણા આશ્રમમાં રહેતા લોકોમાં પણ બહુ પ્રગતિ દેખાતી નથી. આનું કારણ શું ? અને આવી જ સ્થિતિ રહેશે તો આ પૂર્ણયોગનું ભવિષ્ય શું ?

શ્રી અરવિન્દે આ વિષયમાં જણાવેલું કે સંખ્યા યોગમાં મહત્ત્વની હોતી નથી. વધુ લોકો તેવા યોગો, ધર્મો તરફ વળે છે. તેમને બાહ્ય રીતે અમુક ભૌતિક નિયમો દા.ત. અમુક રંગના કપડાં પહેરવાં, અમુક રીતે બોલવું, થોડાક નીતિનિયમો પાળવાં. ગુરુની સેવા, ભજનકીર્તન વગેરે કરવાં કહેવામાં આવે છે. આમાં

આંતરિક-ચેતનામાં ફેરફાર ન લાવે તો પણ તેમને લોકો સ્વીકારે છે.

જ્યારે પૂર્ણયોગમાં આંતરિક-ચેતનાના પરિવર્તન ઉપર જ ભાર મૂકેલો છે. બાહ્ય આચાર-વિચાર બાબત બહુ કડક નિયમો નથી. તેમાં રૂપાંતરને અને વિશેષતઃ અતિમનસ-રૂપાંતરને જ મહત્ત્વ અપાય છે.

બીજું, બાહ્ય જીવનની બાહ્ય સંન્યસ્ત વૃત્તિમાં સમાધાન માનનારા લોકોને આપણા યોગમાં જે દિવ્ય પ્રકાશ અને શક્તિ પૃથ્વી ઉપર અવતરણ પામી રહી છે તે જોવાની ક્ષમતા જ વિકસેલી ન હોવાથી તેઓ તેને જાણવા સમર્થ થશે પણ નહિ.

જેમણે પૂર્ણયોગ દિલથી સ્વીકારેલો છે અને તે મુજબ સાચી સાધનાના માર્ગે આગળ વધી રહ્યાં છે તેઓમાં પણ આંતરિક, ચૈતસિક ફેરફાર થયેલા હોય છે. પણ તેઓ તે આંતરિક વિકાસને સમજી શકતા નથી અથવા અનુભવી શકતા નથી. તે પણ પૃથ્વીની પાર્થિવ-ચેતના બદલવા માટેનું એક મોટું કાર્ય છે.

જેમને અન્યયોગોમાં રસ છે અને તેમને જો તે આકર્ષે છે તો તેઓ આ યોગ માટે હોતા નથી. પણ જેમને આપણા પૂર્ણયોગ વિષે જિજ્ઞાસા જાગી છે અને તેઓ સાધના કરવા તત્પર છે તેમને યોગ્ય માર્ગદર્શન આપી તેઓમાં આંતરિક ઉઘાડ તો આપણે લાવી જ શક્યા છીએ.

જેમ યોગનું ધ્યેય વધારે ઉચ્ચ અને વિશાળ તેમ તે ધ્યેયને પ્રાપ્ત કરવા માટે વધુ પ્રયત્ન અને વધુ સમય લાગવો સહજ છે.

તેથી આપણા આશ્રમના ઘણા લોકો નિર્વાણ પણ પ્રાપ્ત કરી શક્યા નથી તેમાં તથ્ય હોવા છતાં એક વસ્તુ તો નિશ્ચિત છે કે જેઓ આશ્રમમાં આવી રહ્યાં છે તેમનો અંતરાત્મા કાંઈ બહારના સામાન્ય લોકો જેવો નથી. તેનો ચૈત્યપુરુષ સળવળીને જાગૃત થવા માંડ્યો છે અને પોતાની માગણી કરવા લાગ્યો જ છે.

પણ તેમનું આંતરિક-સત્ત્વ પ્રથમ વિકાસ પામીને મુક્તિ અનુભવવા લાગે છે, પણ બાહ્ય-સત્ત્વ, બાહ્ય-ચેતના, હજી જૂનાં વલણોને ચોંટી રહેવાની ટેવ રાખે છે. બાહ્ય માનવ હજી બદલાયેલી નથી અને આ બાહ્ય માનવને બદલવાનું કામ સહેલું તો જરાયે નથી. જ્યારે આ બાહ્ય માનવ બદલાવા માંડે છે ત્યારે જ તેને આંતરિક પ્રકાશનું અવતરણ પોતાની નિમ્ન પ્રકૃતિમાં થયેલું અનુભવાય છે અને

(અનુ. પૃ. ૪૭ ઉપર)

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૩૬

## સમર્પણ : પૂર્ણયોગનું પ્રથમ પગથિયું

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **આ યોગ સાધનાનો આખોય સિદ્ધાંત આ એક વસ્તુમાં સમાયેલો છે કે સાધકે પોતાની જાતને ભગવાનને જ સંપૂર્ણપણે સમર્પણ કરી દેવી, બીજા કોઈને કે બીજી કોઈ વસ્તુને નહીં. પૃ.૩૩**
- **..... મા ભગવતી સાથે તેણે પોતાની ચેતનાની એકતા સાધીને અતિ-માનસમાં પ્રભુની પરાત્પર જ્ઞાનજ્યોતિ..... આનંદ વગેરે તત્ત્વો રહેલા છે તેમનું પોતાની ચેતનામાં અવતરણ કરાવવું. પૃ.૩૩**
- **રાધા એટલે પ્રભુ માટેના અનન્ય પ્રેમનું મૂર્ત સ્વરૂપ. પૃ.૩૩**
- **એ પ્રેમ એવો તો અખંડ અને સમગ્ર છે કે..... નખશિખ વ્યાપી જાય છે..... પૃ.૩૩**
- **પ્રકૃતિના એક એક ભાગમાં તે નિઃશેષ આત્મસમર્પણની અને સંપૂર્ણ તત્પરાયણતાની જ્યોત પ્રગટાવે છે. પૃ.૩૩**
- **.....પ્રભુના દિવ્ય આનંદને..... પાર્થિવતાના સૌથી નીચેના સ્તરમાં અવતરણ કરાવે છે. પૃ.૩૩**

પૂર્ણ યોગમાં સમર્પણનું જે મહત્ત્વ છે તે શ્રી અરવિન્દ સમજાવી રહ્યાં છે.

સાધકે પોતાનું સર્વસ્વ પ્રભુ એક ને જ સમર્પણ કરવાનું છે, બીજા કોઈને નહીં. આ પ્રકારના સમર્પણ વગર પૂર્ણ-યોગ શક્ય જ નથી. સામાન્ય માનવ પોતાનું જીવન અભાન રીતે વિતાવે છે. તેનું જીવન નિમ્નમાંથી દોરાવતું હોય છે,

યદાકદાચિત, કોઈ નૈતિક આદર્શ હોય તો તે દ્વારા તે જીવન વિતાવતો હોય છે. પરંતુ પૂર્ણ યોગમાં આટલું માન્ય નથી. જ્યારે માનવ પોતાનાથી કોઈ ઊર્ધ્વ તત્ત્વ વિશે સભાન બને છે, જાણતો થાય છે, ત્યારે તે અનુભવે છે કે પોતાની આ જિંદગીની ડોરી આ ઊર્ધ્વ તત્ત્વને સોંપવી. તેથી તે પોતાના અહંકારની મર્યાદાને ભાંગતો જાય છે. આ સમર્પણ મા ભગવતી એકને જ કરવાનું હોય છે. આ સમર્પણ એક જીવંત અને અભીપ્સાની ઊર્ધ્વ જ્વાલારૂપ બની રહેવું જોઈએ. સાધક પોતાના મનનું સમર્પણ કરે, પણ પ્રાણ કે શારીરિક સમર્પણ કરતો નથી. તો તે સમર્પણ મનના ક્ષેત્રે સંપૂર્ણ હોય શકે. પરંતુ સાધક માટે તે એકાંગી હોય છે, સમગ્ર હોતું નથી. સમર્પણ બધાં જ ભાગો અને દરેક સ્તરનું હોવું જોઈએ.

સર્વાંગી અને સંપૂર્ણ સમર્પણ દ્વારા અતિમનસ પ્રભુમાં રહેલાં તત્ત્વો જેવા કે જ્ઞાનજ્યોતિ, વિશાળતા, શક્તિ, શાંતિ, પવિત્રતા, સત્ય-ચેતના તથા આનંદ વિગેરેનું પણ પોતાની ચેતનામાં અવતરણ કરાવવાનું હોય છે. આ અવતરણ સમર્પણના ક્રમિક વિકાસ સાથે બની આવે છે. તે મા ભગવતીની કૃપા અને કરુણા સાધકને અનુભવાય છે.

શ્રી માતાજી કહે છે :

Surrender is the decision taken to hand over the responsibility of your life to the Divine. Without this decision nothing is at all possible; if you do not surrender, the Yoga is entirely out of the question. Everything else comes naturally after it, for the whole process starts with surrender.

સમર્પણ કઈ રીતે કરવું તે પણ શ્રી અરવિન્દ સમજાવી રહ્યા છે. રાધાના જેવું સમર્પણ કરવું. પ્રભુને પ્રેમ કરવો, તે એક જ વસ્તુને જીવનમંત્ર બનાવીને રાધા 'પ્રેમનું મૂર્ત સ્વરૂપ' બની ગયા. રાધાની અનન્ય ભક્તિ તેને પ્રભુના પ્રેમ સુધી લઈ ગઈ. પ્રેમી પોતાનું સર્વસ્વ લૂટાવી દે છે પોતાના પ્રેમીની પાછળ. અહીં લૂંટવાનું નથી પરંતુ આનંદિત થતાં થતાં પોતાની સમગ્ર જાતને મા ભગવતીને અર્પણ કરવાની છે. આ 'અર્પણ' ને જ મા ભગવતી 'સમર્પણ' બનાવી આપે છે. મા ની ચેતનાનો સ્પર્શ થતાં જ આપણી સઘળી પ્રવૃત્તિઓ એક જ નીકમાં વહેવા

લાગે છે, અને ઉપરના સ્તરોથી શરૂ થયેલું અર્પણ ધીરે ધીરે તેની ગહન ઊંડાઈઓમાં અને સ્વરૂપના ઊર્ધ્વ સ્તરોમાં પ્રકાશિત બનતું બનતું સર્વાંગી સમર્પણ બનવા લાગે છે. ચેતનાના ઊંચામાં ઊંચા અધ્યાત્મિક સ્તરથી આરંભ કરીને છેક સ્થૂલ દેહ સુધી વ્યાપી જાય છે. સાધકની પ્રકૃતિમાં મા નો પ્રકાશ, હાજરી, દિવ્ય અભીપ્સા, આત્મસમર્પણ, સંપૂર્ણ તત્પરાયણતાનાં દિવ્ય ગુણો ખીલવા માંડે છે. આ ખીલવણી સાધકને પોતાના મન, પ્રાણ અને શરીરમાં વ્યાપી રહેલી અનુભવવા માંડે છે. અને પાર્થિવતાનાં સૌથી નીચલા સ્તરે પણ તેનું અવતરણ થાય છે. અવચેતન અને અચેતન પણ પ્રથમ શુદ્ધ અને પછી દિવ્યતા પ્રાપ્ત કરવા લાગે છે. રૂપાંતરના મંડાણ થવા માંડે છે. અને આ પાર્થિવ તત્ત્વ પણ રાધાની જેમ જ પ્રભુનું મૂર્ત પ્રેમ સ્વરૂપ બને છે.

સાધનામાં અમુક એવા તબક્કાઓ આવે છે કે જ્યારે ફક્ત સમર્પણ એક જ સાધકનો આધાર બનીને શક્તિરૂપે યોગસાધના આગળ વધારે છે. શ્રી અરવિન્દ સાવિત્રીમાં કહે છે :

---

(અનુ.પૃ.૭ ઉપરથી)

## પૂર્વભૂમિકા

વ્યક્તિઓ સાથે પ્રસંગો બનતા રહે છે. તેઓ તમને ન સમજી શકે તેવું પણ બનતું હોય છે. ડગલે ને પગલે મુશ્કેલીઓ હોય છે. તેમાં તમારે પુષ્કળ ધૈર્ય અને અનાસક્તિ રાખવાં પડે છે. સમતા કેળવવી પડે છે. એટલે એકાંતમાં ચાલ્યા જવા કરતાં રોજના વાતાવરણમાં રહીને યોગ કરવો સામાન્ય રીતે મુશ્કેલ છે પણ આપણે કંઈ સહેલી વસ્તુ કરવા બેઠા નથી. સહેલી વસ્તુ તો જે લોકો રૂપાંતર વિશે વિચારતા નથી. તેમના પર છોડી દઈએ છીએ.'' આ રીતે એકાંતમાં જે શાંતિ પ્રાપ્ત થાય છે તે, તે સ્થળને આધીન હોવાથી ફરી સમાજમાં આવતાં એ શાંતિ, સમતા, સ્થિરતા ટકતાં નથી. જ્યારે સમાજની વચ્ચે રહીને જે શાંતિ સ્થિરતા પ્રાપ્ત કરે છે, તે તેના ચેતનાના ભાગરૂપ બની જતાં એ સ્થિતિ બની જાય છે અને પછી ચેતનામાં કાયમ સ્થાયી બની રહે છે. આથી પૂર્ણયોગની સાધના દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરીને પછી તેનું દિવ્યતામાં રૂપાંતર કરવામાં રહેલી છે.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## આહારનું સ્વરૂપ

(૧૫-૬-૨૫) (પૂ.૨૦૧-૨૦૪)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : પ્રકૃતિના નિયમોના ભંગથી રોગો થતા નથી?

શ્રી અરવિન્દ : પ્રકૃતિનાં નિયમો એટલે?

શિષ્ય : જે ફરજીયાત નથી પણ કામના, ઈચ્છાથી દોરવાઈને કરવામાં આવે છે.દા.ત. વધારે પડતું જમવું.

શ્રી અરવિન્દ : પ્રકૃતિનાં પોતાના તેવા નિયમો નથી, દિર્ઘાયુષીને તેનું કારણ પૂછો. એક કહેશે તેણે સંયમિત જીવન જીવ્યો તેથી, બીજો કહેશે તે ઈચ્છા મુજબ જીવ્યો તેથી.

શિષ્ય : શું સ્વચ્છતા તથા આરોગ્યના નિયમો નથી?

શ્રી અરવિન્દ : તે આરોગ્ય ટકાવવામાં મદદ કરે છે, એટલું જ કહી શકાય. પણ આરોગ્યની ખાતરી તે આપતા નથી. શરીરના કાર્યમાં પ્રાણ અને મન ડખલગીરી ન કરે તો શરીર પોતાનું આરોગ્ય જાળવવાનું જાણે જ છે.

શિષ્ય : તે એક સહજ—વૃત્તિ છે?

શ્રી અરવિન્દ : તે શારીરિક ચેતનાનું સહજ કાર્ય છે. તેને છૂટ આપશો તો તે પોતાનું સંતુલન જાળવશે.

શિષ્ય : સંન્યાસી અને યોગીઓ પોતાના ખોરાકની આટલી બધી કાળજી શા માટે લે છે?

શ્રી અરવિન્દ : ખોરાક વિષેના પોતાના તામસી કે રાજસી વલણો તોડવા. શરીરની જરૂરિયાત ઓછી કરવા.

શિષ્ય : ઘણી આરોગ્યદાયક વસ્તુઓને સન્યાસીઓ અસાત્વિક કહે છે. દા.ત. ઈંડા

શ્રી અરવિન્દ : તે શાકાહારી હોય છે તેથી. પણ બધાં જ શાકો પણ સાત્વિક તો હોતા નથી જ.

શિષ્ય : ફ્રાન્સમાં હું માંસાહાર કરતો પણ ભારતનાં મસાલા જોતા મને આ ખોરાક જ વધારે રાજસી લાગ્યો.

શ્રી અરવિન્દ : મને પણ, સારાંશ, સાત્વિક, રાજસિક આહાર ભેદ માનસિક વલણને કારણે છે. ગીતા ખોરાકને તેના લક્ષણોથી સાત્વિક, રાજસિક, તામસિક ગણાવે છે, પ્રકારથી નહીં. સાચું એ છે કે જે ખોરાકથી તમારી શારીરિક, પ્રાણમય, માનસિક સમતુલા જળવાઈ રહે તે સાત્વિક. આ સમતુલા દરેકની જુદી જુદી હોઈ શકે છે. આનુવંશિક રોગ ન હોય તો આવી સમતુલા આરોગ્ય ટકાવવામાં મદદરૂપ થાય છે.

શિષ્ય : વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરેલો સમતોલ આહાર સાત્વિક ગણાય?

શ્રી અરવિન્દ : વિજ્ઞાન કોઈ અંતિમ નિર્ણય આપતું નથી. તે નિર્ણય બદલાતા જ હોય છે. દા.ત. વચમાં જીલેટીન અને પ્રોટીન ને પૂર્ણ આહાર ગણેલો. હવે ગણતા નથી.

શિષ્ય : લોકો કહે છે સૂર્ય-પ્રકાશ ઉપર નભી શકાય.

બીજો શિષ્ય : લૂ લાગે ત્યારે સૂર્યપ્રકાશનો અપચો થયો એમ જ કહેવું ને?

શિષ્ય : ખોરાક લીધા વગર જીવી શકાય?

શ્રી અરવિન્દ : હા તે શક્ય છે. મે ત્રેવિસ દિવસ અપવાસ કરેલો અને રોજ આઠ કલાક મારા રૂમમાં ચાલતો છતાં નબળાઈ આવી નહોતી. પણ શરીર શેમાંથી શક્તિ મેળવેછે. તે હું શોધી શક્યો નથી.

શિષ્ય : મારા દાદા કહેતા તે ઘોડા ઉપર બેસી સવારી કરતા, તેથી તેમને ઘોડામાંથી શક્તિ પ્રાપ્ત થતી હતી.

શ્રી અરવિન્દ : અન્યની પ્રાણશક્તિ ચૂસી શકાય છે. વાતાવરણમાં પ્રાણશક્તિ છે જ. તમે બે રીતે તેને લઈ શકો. એક પરાણે વિશ્વમાંથી ખેંચીને, બીજી તમે શાંત સ્થિર બનો. પ્રાણશક્તિ પોતે વિશ્વમાંથી વહી આવશે. હું પહેલાં ખેંચતો, હવે વહી આવવા દઉં છું.

શિસય : વિશ્વમાંથી ખેંચવા કરતા માણસમાંથી ખેંચવી સહેલી નથી?

શ્રી અરવિન્દ : જરાપણ નહીં. પ્રાણ શક્તિ ખેંચવા અથવા આપવા અમુક શરતો પાળવી જરૂરી છે. તેના કરતા વિશ્વમાંથી ખેંચવી સહેલી છે. માણસમાં મર્યાદિત પ્રાણશક્તિ હોય છે. વિશ્વમાં અખૂટ. પ્રાણશક્તિ મેળવ્યા વગર આપવી જોખમી છે.

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવો

## રુદ્રો

પ્રકરણ - ૧૦

સૂર્યમાંથી આવા વિવિધ વિશ્વકરણો નિકળે છે. તેઓ જ્યારે ઉત્ક્રાંતિ માટે વિનાશક કાર્ય કરીને (અવરોધો નષ્ટ કરીને) મદદ કરે છે ત્યારે તેમને રૂદ્રો કહેવામાં આવે છે. આવા કિરણો સર્વ દિશામાં ફેલાતા હોય છે. યે ચૈનં રુદ્રા અભિતો દિક્ષુ શ્રિતાઃ (રૂદ્રાધ્યાયી ૫/૬)

૫ સામાન્ય માણસને નિરાકાર નિર્લેપ ચેતના સ્વરૂપ ભગવાન શિવને (અક્ષરબ્રહ્મને) પ્રાપ્ત કરવો શક્ય નથી એ ભ્રમના નાશ માટે રૂદ્રાધ્યાયી જણાવે છે કે બાહ્ય વાણીથી (ગિરિશાત્) અને આંતરિક વાણીથી (વચસાત્) તેવી આકાશ જેવી નિરાકાર નિર્લેપ ચેતનાની પવિત્ર કલ્પનાને જાગૃત કરવાથી અને તેની સાથે એકરૂપ થવાથી તમે સદાશિવ-ચેતનાને પ્રાપ્ત કરી શકો છે.

શિવેન વચસાત્ વા ગિરિશાત્ છાવદામસિ (રૂદ્રાધ્યાયી - ૫/૪)

૬ દરેક માનવને ત્રણ શરીર હોય છે. ભૌતિક, સૂક્ષ્મ પ્રાણ-મનોમય અને કારણ શરીર. ત્રણેનો સંચાલક તે ચૈત્યપુરુષ છે. તે જ તેમને પોષણ આપે છે અને માતાની જેમ કાળજી રાખે છે. તેથી તેને ‘ત્ર્યંબક’ ‘ત્રણે શરીરની માતા’ કહ્યો છે (ત્રિ+અંબક)

તે જ્યારે પાર્થિવ, ભૌતિક તત્ત્વને દિવ્ય બનાવે છે ત્યારે ભૌતિક શરીરમાંથી ચંદન જેવી સુગંધ પ્રગટ થાય છે અને શરીરને પૂરતું પોષણ મળે છે. (સુગંધિં પુષ્ટિ વર્ધનમ્) તેથી તે શાંતિમાં, આનંદમાં સ્થિર થઈ જાય છે. સંસારના દુઃખોમાંથી પાકેલું ચીભડું જેમ ડીટીયાથી સહજ રીતે અલગ પડે તેમ મુક્ત (ઉવાંરિકમિવ બંધનાત્) થઈ જાય છે અને અમર-આત્મા સાથે એકરૂપતા સાધે છે. (મામૃતાત્)

ત્ર્યંબકં યજામહે સુગંધિં પુષ્ટિ વર્ધનમ્।

ઉર્વારિકમિવ બંધનાત્ મૃત્યોર્મુક્ષીય મામૃતાત્॥ (રુદ્રાધ્યાયી - ૬/૫)

૭ માણસને સર્વાંગી અને સમગ્ર સમર્પણ પ્રભુને કરવું શક્ય નથી આ ભ્રમના નિવારણ માટે સમગ્ર સમર્પણ એટલે માનવ સ્વરૂપમાંના બધાં તત્ત્વોનું પ્રભુને સમર્પણ એવું સમજાવી તે સમર્પણ કરવાનો મંત્ર અને ભાવ નીચેના મંત્રોમાં જણાવે છે.

૧ શરીરની ગતિવિધિઓ તમને સમર્પિત છે (આયાસાય સ્વાહા)

૨ મન અને ઇન્દ્રિયોની ગતિવિધિઓ તમને સમર્પિત છે (પ્રયાસાય સ્વાહા)

૩ બુદ્ધિની ગતિવિધિઓ તમને સમર્પિત છે (સંયાસાય સ્વાહા)

૪ ચિત્તની ગતિવિધિઓ તમને સમર્પિત છે (વિયાસાય સ્વાહા)

૫ અહંકારની ગતિવિધિઓ તમને સમર્પિત છે (ઉધ્યાસાય સ્વાહા)

૬ મારી પવિત્રતા તમને સમર્પિત છે (શુ ચેઃ સ્વાહા)

૭ મારી અપવિત્રતા તમને સમર્પિત છે (અશોચતઃ સ્વાહા)

(રૂદ્રાધ્યાયી - ૭/૫)

૮ જીવનને દિવ્ય બનાવવાનો જીવન - યજ્ઞ માનવને અખંડ ચાલુ રાખવો શક્ય નથી. આ ભ્રમ ભાંગવા નીચેનો મંત્ર અને ભાવ જણાવે છે.

તેથી જીવન યજ્ઞની સિદ્ધિ મળે છે.

૧ આયુષ્ય જીવનયજ્ઞમાં વપરાય (આર્યુ યજ્ઞેન કલ્પ્યતામ્)

૨ ભાવનાને વિચારો જીવનયજ્ઞમાં વપરાય (પ્રાણો યજ્ઞેન કલ્પ્યતામ્)

૩ આંખો જીવનયજ્ઞમાં વપરાય (પ્રાણો યજ્ઞેન કલ્પ્યતામ્)

૪ કાન જીવનયજ્ઞમાં વપરાય (ચક્ષુ યજ્ઞેન કલ્પ્યતામ્)

૫ વાણી જીવનયજ્ઞમાં વપરાય (ક્ષોત્રં યજ્ઞેન કલ્પ્યતામ્)

૬ આત્મા જીવનયજ્ઞમાં વપરાય (આત્મા યજ્ઞેન કલ્પ્યતામ્)

૭ વિશ્વચેતના જીવનયજ્ઞમાં વપરાય (બ્રહ્મા યજ્ઞેન કલ્પ્યતામ્)

૮ ચેતનાનો પ્રકાશ (જ્ઞાન) જીવનયજ્ઞમાં વપરાય (જ્યોતિઃ યજ્ઞેન કલ્પ્યતામ્)

૯ માનસિક આનંદ જીવનયજ્ઞમાં વપરાય (સ્વર્ગં યજ્ઞેન કલ્પ્યતામ્)

૧૦ સાક્ષી ચેતના જીવનયજ્ઞમાં વપરાય (પૃષ્ટં યજ્ઞેન કલ્પ્યતામ્)

૧૧ મારો જીવન યજ્ઞ વૈશ્વિક જીવનયજ્ઞમાં વપરાય (યજ્ઞ યજ્ઞેન કલ્પ્યતામ્)

૯ દિવ્ય-જીવન માટે જરૂરી પ્રકાશ ધારણા કેમ કરવી આનું જ્ઞાન મળવું શક્ય નથી. આ ભ્રમને ભાંગવા વિવિધ ઋષિઓએ જે ગાયત્રી મંત્રો દ્વારા વિવિધ દેવોને સ્તૂતિ કરી છે તે ગાયત્રી મંત્રોનો પ્રયોગ કરવો જરૂરી છે. દા.ત. દધિચિ, વિશ્વામિત્ર, વામદેવ, વામન, મેઘાતિથિ, સિંધુદ્વીપ, લોપામુદ્રા દીર્ઘતમસ્ વગેરે ઋષિઓએ વિવિધ ગાયત્રીમંત્રો આપેલાં છે તેમના પરિણામ સ્વરૂપ પ્રાણશક્તિ શરીરમાં વહેવાથી સાત પ્રકારની પ્રાણની ગતિઓ પ્રગટ થાય છે જેમને ‘સપ્ત મરુત્’ કહેવાય છે.

(૧) ઉગ્ર = વેગવાન (૨) ભીમ = વિશાળ (૩) ધ્વાંત = ગર્જના કરતી (૪) ધુનિ = ધ્રુજારી નિર્માણ કરતી (૫) સાસહવાન્ = સમર્થ (૬) વિક્ષિપ = ફેલાતી (૭) અભિયુગ્વા = જોડતી

ઉગ્ર શ્ચ ભીમચ ધ્વાન્તશ્ચ ધુનિશ્ચ।

સાસહવાંશ્ચાભિયુગ્વા ચ વિક્ષિપં સ્વાહા॥ (રૂદ્રાધ્યાયી - ૭/૧)

પ્રકાશ ધારણા માટેના ગાયત્રી - મંત્રો નીચે મુજબનાં છે.

૧ સહૌજો મયિ પ્રાણાપાનૌ - દધીચિ (૯/૧)

ઓજસ સાથે મને પ્રાણ અને અપાન પ્રાપ્ત થાય

૨ શંનો ભવતુ ભુવનસ્ય યસ્પતિઃ॥ - દધિચિ (૯/૨)

અખિલભુવનના સ્વામી બૃહસ્પતિ અમારું કલ્યાણ કરો

૩ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ।

ધિયોયોનઃ પ્રચોદયાત્। વિશ્વામિત્ર (૯/૩)

અરૂણોદયના પ્રકાશ સ્વરૂપ સવિતૃદેવનો તે શ્રેષ્ઠ પ્રકાશ ‘ભર્ગ’નું હું ધ્યાન કરું છું. તે મારી બુદ્ધિને દિવ્યપ્રેરણા આપે.

૪ ઈન્દ્રો વિશ્વસ્ય રાજતિ। શંન્નો અસ્તુ દ્વિપદેચતુપદે॥ - દધીચિ - (૯/૮)

જગતને પ્રકાશ આપનાર સૂર્યરૂપ ઈન્દ્ર, અમારા સ્વજનો, પશુધનને

સુખરૂપ બનો.

૫ શંન્નો મિત્ર શંવરુણ શંન્નો ભવર્ત્યમા।

શંન્ન ઈન્દ્રો બૃહસ્પતિઃ શંન્નો વિષ્ણુરુરુક્રમઃ।। - દધીચિ - (૯/૯)

મિત્ર, વરુણ, અર્યમા, ઈન્દ્ર, બહસ્પતિ, વિષ્ણુ અને વિશાળ નભમાં વિચરનાર સૂર્ય (ઉરુક્રમઃ) અમને સુખદાયી બને.

૬ શંન્નો દેવીરભિષ્ટય આપો ભવંતુ પીતયે।

શંય્યો ર ભિસ્ત્રવન્તુનઃ।। - દધિચિ (૯/૧૨)

હે જળરૂપી દેવી, અમારા સ્નાન તથા પીવા માટે પાણી સુખકારક હો, સુખ અમારા માટે શ્રવે.

૭ સ્યોનાપૃથિવિ નો ભવાન્નૃક્ષરા નિવેશની।

યચ્છાનઃ શર્મ સપ્રથા।। - મેઘાતિથિ (૯/૧૩)

હે પૃથ્વી, તમે કંટકહીન, સુખથી વસવા યોગ્ય, વિસ્તારવાળી, સર્વ સુખદાયી હો. અમને સુખથી શરણ આપો. અમારું કલ્યાણ કરો.

૮ દ્યોઃ શાંતિઃ અંતરિક્ષ શાંતિઃ પૃથિવિ શાંતિઃ, આપો શાંતિઃ, ઔષધયો; શાંતિઃ, વનસ્પતયોઃ શાંતિઃ, વિશ્વદેવાઃ શાંતિઃ બ્રહ્મ શાંતિઃ સર્વ ૐ શાંતિઃ રેવ શાંતિઃ, સા મા શાંતિરેધિ।। - દધીચિ (૯/૧૭)

સ્વર્ગ, અંતરિક્ષ, પૃથિવિ, જળ, ઔષધિ, વનસ્પતિ, બધાંદેવો, બ્રહ્મ, બધાંમાં સુખમય શાંતિ સ્થાપિત થાય. તેવી જ શાંતિ મારામાં પણ સ્થપાય.

૯ જ્યોકતેસંદૃશિ જીવ્યાસં યોકતે સંદૃશિ જીવ્યાસમ્ - દધિચિ (૯/૧૯)

હે ઈન્દ્ર, તમારી જ્યોતિનાં દર્શન કરતાં કરતાં તે મુજબ જીવું, તમારી પ્રેરણા મુજબ જીવન જીવું.

અંતે સ્વસ્તિ-પ્રાર્થનાઓ છે જે નીચે મુજબની છે.

૧ ૐ સ્વસ્તિનઃ ઈન્દ્રો વૃદ્ધશ્રવાઃ સ્વસ્તિ નઃ પુષા વિશ્વેદેવાઃ સ્વસ્તિ નઃ તાર્ક્ષ્યો અરિષ્ટનેમિઃ સ્વસ્તિઃ નઃ બૃહસ્પતિર્આદધાતુ।। (૧૦/૧)

અમારું ઈન્દ્ર કલ્યાણ કરે, વૃદ્ધશ્રવા, પુષા, વિશ્વદેવો, તાર્ક્ષ્ય, અરિષ્ટનેમિ અને બૃહસ્પતિ બધાં જ કલ્યાણ કરે અને કલ્યાણકારક વસ્તુઓ આપે.

૨ પયસ્વતીઃ પ્રદિશં સંતુમહયમ્।।

હે અગ્નિ, મને સર્વ દિશાઓ રસાળી - અભીષ્ટ આપનારી બની રહો.

૩ અઘોરેભ્યોડથ ઘોરેભ્યોરઘોરતરેભ્યઃ ।।
સર્વેભ્યઃ સર્વ શર્વેભ્યઃ નમસ્તે અસ્તુરૂદ્રરૂપેભ્યઃ ।। (૧૦/૭)

સત્વગુણી શાંત સ્વરૂપ, રજોગુણી ઉગ્રસ્વરૂપ, તમોગુણી અતિભયંકર કાળ સ્વરૂપ એ સર્વ રૂદ્રોને તથા પ્રલય સમયે જગતને પોતાના સ્વરૂપમાં શમાવનાર મહેશ્વર તમને નમસ્કાર હો.

૪ તત્પુરુષાયવિદ્મહે મહાદેવાય ધીમહિ।
તન્નોરૂદ્રઃ પ્રચોદયાત્ ।। (૧૦/૮)।અમે તે પ્રસદ્ધ આત્મપુરુષને ગુરૂ તથા શાસ્ત્રો દ્વારા જાણીએ છીએ અને તે મહાદેવનું ધ્યાન ધરીએ છીએ હે રૂદ્ર તમે અમને તે ધ્યાન કરવા પ્રેરો.

૫ વિશ્વાનિ દેવા સવિતર્દુરિતાનિ પરાસુવ।
યદ્ભદ્રં તન્ન આસુવ ।। (૧૦/૧૧)

હે સવિતા દેવતા, અમારા દુરિતો - ખરાબ વિચાર, ભાવો, સંકલ્પો, કર્મો ને દૂર કરો અને જે પવિત્ર છે તેવા વિચારો, ભાવો, સંકલ્પો, કર્મોમાં પ્રેરો.

(અનુ.પૃ.૧૮ ઉપરથી)

## સાવિત્રી

ધ્યાનમાં લેતા નથી. તે વસ્તુનું આંશિક જ્ઞાન આપણે મેળવીએ છીએ અને તેને જ ભૂલથી પરિપૂર્ણ જ્ઞાન સમજી બેસીએ છીએ (take it for the whole)

Thus have they made their play with us for roles:
Author and actor with himself as scene.
He moves there as the Soul, as Nature she.

આવી રીતે શિવ અને શક્તિએ, પુરુષ અન પ્રકૃતિએ એક રસિક નાટક રચ્યું છે જેમાં આપણે બધાં નાના-મોટા પાત્રો ભજવી રહ્યાં છીએ.(us for roles) આ નાટકનો લેખક (Author) અને કલાકાર (Actor) પ્રભુ પોતે જ છે એટલું જ નહિ પણ સ્ટેજ ઉપર રચાતાં દૃશ્યો પણ તે જ બની રહે છે (scene) તે જ આ જગતમાં પુરુષ તરીકે છે (Soul) અને તે જ પ્રકૃતિ તરીકે પણ છે (Nature) બન્ને તે જ છે.

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન
- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

# ધ્યાન એટલે શું ?

પ્રકરણ - ૩૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Meditation by Shri Vijay. P.1-27)

(ગતાંકથી ચાલુ)

૧૫ **અવચેતનમાંથી મુક્ત થવા માટેનું ધ્યાન :**

શરીરમાં પ્રકાશ સ્વરૂપ પ્રભુને ધારણ કરો, પછી સંકલ્પ બળથી તે પ્રભુરૂપ પ્રકાશને શરીરના દરેક કોષોમાં પ્રવેશતો જુઓ. કોષોના કેન્દ્રિય ભાગમાં અંધકારરૂપ રહેલ અવચેતન રૂપાંતરિત થઈ પ્રકાશમય થઈ રહ્યું છે એવું જુઓ અને અનુભવો. હવે તે કોષોનું સંચાલન રૂપાંતરિત થએલ પ્રકાશમય ચેતનારૂપ પ્રભુ પોતે કરી રહ્યાં છે એવો ભાવ ધારણ કરો. આ ધ્યાનથી શરૂઆતમાં કોષો ડરીને સંકોચાય છે. તેથી સાધકમાં અસ્વસ્થતા અને મન પર ભાર વર્તાય છે. પણ આ સ્થિતિ ધીમે ધીમે થાળે પડીને કોષો હવે હોંશે હોંશે પ્રકાશ ધારણ કરશે. આના પરિણામે તમને નિરામયતાનું સુખ અને આનંદ અનુભવાશે. જીવનમાં ઉત્સાહ અને રચનાત્મક અભિગમ આવશે.

૧૬ **દિવ્ય-દેહ રચવા માટેનું ધ્યાન :**

કોષોને દિવ્ય કર્યા પછી આ ધ્યાન કરવાનું હોય છે. તેમાં તે પ્રકાશમય કોષોનો ઉપયોગ કરી તમારા શરીરનાં બધાં આંતરબાહ્ય અવયવો અને સંસ્થાની નવરચના કરવાની હોય છે. આ ધ્યાનનાં ત્રણ તબક્કા છે.

(અ) **બાહ્ય અંગોની રચના** - આમાં (૧) હાડપિંજર (૨) નાડીતંત્ર (નર્વસ સિસ્ટમ) (૩) સ્નાયૂમંડળ અને ત્વચા, રોમ, વાળ, આંખ, કાન, નાક, દાંતની, રચના જોવાનો અને અનુભવવાનો સમાવેશ થાય છે.

(બ) **આંતર અવયવોની રચના** - આમાં (૧) શ્વસન સંસ્થા (૨) પચન સંસ્થા (૩) યકૃત અને તેની આંતરશ્રાવી ગ્રંથીઓ (૪) નાનું મોટું આંતરડું (૫) ઉત્સર્જન સંસ્થા (૬) મુત્રપિંડ આટલી આંતર-સંસ્થાઓની રચના થએલી જોવાની અને અનુભવવાની છે.

(ક) **આંતરિક અવયવોનાં કાર્યો** -

(૧) શ્વસન સંસ્થાનું કાર્ય (૧) નાક દ્વારા શ્વાસ લેવો (૨) ફેફસાની દિવાલો દ્વારા પ્રાણવાયુનું શોષણ અને કાર્બન ડાયોકસાઈડ બહાર ફેંકવો (૪) પ્રાણવાયુનું હૃદયનાં રક્તમાં ભળવું.

(૨) આમાં પચન સંસ્થાનું કાર્ય (૧) આહારગ્રહણ (૨) જઠરમાં આંતરિક રસોનો સ્ત્રાવ અને અન્નપચન (૩) અન્નનો મોટા અને નાના આંતરડામાં પ્રવેશ (૪) યકૃત દ્વારા આંતરરસોનું શોષણ અને આંતરશ્રાવી ગ્રંથીઓમાં તે રસોનો પુરવઠો (૫) આંતરડામાંની સૂક્ષ્મ નલિકાઓ મારફત બાકી પોષક દ્રવ્યોનું શોષણ અને રક્ત પ્રવાહમાં મિશ્રણ અને મળ મૂત્રનો ત્યાગ . આ બધાંનો સમાવેશ થાય છે.

હવે દરેક સંસ્થાના સંપૂર્ણ કાર્ય-પદ્ધતિના તબક્કા સક્રિય ધ્યાનથી આપણે જોવાના અને અનુભવવાના છે.

(ડ) રક્તાભિષરણ સંસ્થાનું કાર્ય - (૧) શ્વાસ લેવો (૨) ફેફસાં દ્વારા શુદ્ધ પ્રાણવાયુનું લોહીમાં ભળવું (૩) હૃદય દ્વારા રક્તાભિષરણ (૪) વાહિનીઓ દ્વારા સમગ્ર શરીરનાં અવયવોમાં પૂરવઠો (૫) તેથી દરેક અવયવોને મળતું પોષણ અને (૬) રોગી અવયવોનું સાજા થવું.

(ઈ) **ઉત્સર્જન સંસ્થાનું કાર્ય** - (૧) મોટા આંતરડામાંના મળનું નાના આંતરડામાં પ્રવેશવું (૨) મુત્રપિંડ દ્વારા પ્રવાહીનું શોષણ અને બહાર ફેકવું (૩) મળ ત્યાગ

(ફ) **શરીરનું દિવ્યીકરણ** - (૧) વીર્ય કેન્દ્રમાંથી વીર્યનું કરોડરજૂ દ્વારા ઉપર ચડી હૃદયમાં ઠલવાવું (૨) તેથી શરીરના બધાં અવયવોનું સુવર્ણ પ્રકાશથી ઝળહળી ઉઠવું (૩) દિવ્ય - દેહ ફરતે આભાચક્રની રચના (૪) આભાચક્રને ઉપરથી મળતું પોષણ (૫) તેથી શરીરના દરેક અવયવનું પુષ્ટિકરણ

**પ્રભુને પ્રાર્થના**

હે પરમપ્રભુ, હે મા ભગવતી, આ દિવ્ય કરેલું કરણ હું આપને સમર્પિત કરું છું. મા ભગવતી, આપ પ્રભુએ મારા માટે સેવેલા સંકલ્પાનુસાર આ સ્વરૂપ દ્વારા પ્રભુને પ્રગટ કરો. હે પ્રભુ, આપનો આ સ્વરૂપ દ્વારા થતું વ્યક્તિગત કક્ષાના, વૈશ્વિક કક્ષાના, વિશ્વાતીત કક્ષાના પ્રગટીકરણનો ક્ષણેક્ષણનો અને અંતિમ હેતુ સિદ્ધ થાય - સર્વત્ર અને સર્વદા. હે પ્રભુ આ સ્વરૂપ દ્વારા થતા આપના આવિર્ભાવમાં આ દિવ્ય કરણ સભાનરીતે, સમર્પિત ભાવે આનંદપૂર્ણ રીતે સહભાગી બને.

પ્રભુ આપનો જય હો.

## જાતક કથાઓ - માનસિંહ ચાવડા

# સંસારની રીત

પ્રકરણ - ૧૪

હિમાલયની તળેટીમાં દેવદારના વનમાં એક સફેદ ગજ-બાળ રહે. ખૂબજ દયાળુ અને પરાપકારી.

એક વખત કાશીમાં ભણીને શાસ્ત્રી થએલો રામાનુજ પોતાના વતન જવા પગપાળા નીકળ્યો. પણ આ દેવદારના વનમાં ભૂલો પડી ગયો. તેને જંગલમાં ગજ-બાળની મુલાકાત થઈ. બન્નેની મૈત્રી થઈ. રામાનુજ બોલ્યો, ''મિત્ર, મારી મા બીમાર છે. મને તેથી વહેલા ઘેર જવાની ચિંતા છે. વળી મારી પાસે માની બીમારીની દવા કરવાનાં પૈસા પણ નથી. તે મને મોટી ચિંતા છે.''

ગજ-બાળે તેને મદદ કરવાનું વચન આપ્યું. ટુંકા રસ્તે તેને દેવદાર વન પસાર કરાવ્યું. વિદાય વખતે ગજ-બાળ બોલ્યું, ''દોસ્ત મારા હાથી દાંત કિંમતી છે તું અરધા કાપીને લઈ જા. માની દવા કર, તેની સેવા કર.''

રામાનુજે તેમજ કર્યું. ઘેર ગયો તો ખબર પડી મા તો ગુજરી ગઈ છે. તેણે હાથીદાંત વેંચ્યા. સારા પૈસા મળ્યાં. તે આબરુદાર શ્રીમંત શાસ્ત્રી ગણાવા માંડ્યો. તેણે શ્રીમંત કુટુંબની સુંદર કન્યા સાથે લગ્ન પણ કર્યાં. મોજ શોખમાં જીવન વિતાવા લાગ્યો. તેના પૈસા ખૂટી ગયા.

તે ફરીવાર પોતાના મિત્ર ગજ-બાળ પાસે પહોંચી ગયો. માની દવા માટે પૈસાની જરૂર છે, એમ કહી બીજા હાથી દાંત મેળવી આપવાની વાત કરી. ગજ-બાળે હાલમાં જ કોઈ હાથી મરી ગયો હોય તો તેની તપાસ કરી. પણ હાથી દાંત ન મળ્યા. અંતે ફરી પોતાના હાથી દાંત જડમૂળથી ઉખેડી આપી દીધાં.

રામાનુજ તે લઈને પોતાના ગામ આવ્યો. હાથી દાંત વેંચી મોજશોખ કરવા લાગ્યો.

એક દિવસ તે પત્ની તથા બાળકો સાથે સરકસ જોવા ગયો. ત્યાં તેણે તે ગજ-બાળને જોયો. ગજ-બાળે પણ તેને ઓળખ્યો. પણ રામાનુજે ઓળખાણ ન બતાડી.

રસ્તામાં તેના પુત્રે પૂછ્યું, ''પિતાજી, હાથી રડતો હતો અને આપણી તરફ જોતા હતો, શા માટે?

''બેટા, તેને તેની મા યાદ આવી હશે તેથી'' તે પછી રામાનુજ કાંઈ બોલ્યો જ નહિ.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પ્રેમ

પ્રકરણ - ૭ (પૃ. ૨૦-૨૪)

**૧૧ દિવ્ય-પ્રેમનો આવિર્ભાવ કરવાનો સાચો માર્ગ ક્યો ?**

પ્રભુ પ્રત્યે નિઃસ્વાર્થભાવે વળી આધ્યાત્મિક સત્યનો સાક્ષાત્કાર કરવો એ જ સાચો માર્ગ છે. પ્રભુ જ આધ્યાત્મિક સત્ય છે.

**૧૨ સંપૂર્ણ રૂપાંતર થતા પહેલા દિવ્ય-પ્રેમની પ્રાપ્તિ થવી શક્ય છે ?**

આંશિક પ્રાપ્તિ શક્ય છે.

**૧૩ શું ચૈત્યપુરુષમાં પ્રેમ એક જ શક્તિ રહેલી છે કે અન્ય શક્તિઓ પણ છે ?**

ચૈત્યપુરુષમાં વિવિધશક્તિઓ રહેલી છે. દા.ત. શ્રદ્ધા, અભીપ્સા, સમર્પણભાવ, ચૈતસિક જ્ઞાન, સમતા, નિર્લેપતા, પ્રકાશ વગેરે.

**૧૪ ચૈતસિક પ્રેમમાં અભિમાન હોઈ શકે ?**

ના, અભિમાન એ અહંકારની અભિવ્યક્તિ છે.

**૧૫ શું માનવીય પ્રેમ ચૈતસિક પ્રેમનો પડછાયો નથી ?**

ના, માનવ પ્રેમ માનસિક જરૂરિયાતો, પ્રાણમય લાગણીઓ, શારીરિક આકર્ષણ, અહંકાર ઉપર આધાર રાખતો હોય છે.

**૧૬ ચૈતસિક પ્રેમનો શરીરમાં આવિર્ભાવ થઈ શકે ?**

હા, જો શારીરિક કામવાસના, પ્રાણમય આસક્તિઓ અને મનોમય હક્કદાવા ગેરહાજર હોય તો. ભાવિ ઉત્ક્રાંતિમાં ચૈતસિક અને દિવ્ય-પ્રેમ બન્ને શારીરિક-કક્ષાએ પણ પ્રગટ થવાના જ છે.

**૧૭ શું પશુઓમાં ચૈતસિક પ્રેમ હોઈ શકે ?**

અપવાદાત્મક કિસ્સામાં પશુઓનો માનવો પ્રત્યેનો ચૈતસિક-પ્રેમ પ્રગટ

થએલ છે. દા.ત. શ્રી માતાજી અને તેમની બિલાડી. પણ શુદ્ધ ચૈતસિક પ્રેમ બે પશુઓ વચ્ચે ભાગ્યે જ જોવા મળે છે. કારણ તેમાં પ્રાણમય કામનાઓ પ્રવેશી જાય છે.

**૧૮ શ્રી માતાજી પ્રત્યેનો ચૈતસિક, માનસિક, પ્રાણમય પ્રેમને જુદા જુદા સ્વરૂપે પારખવો કેવી રીતે?**

ચૈતસિક પ્રેમમાં કોઈપણ પ્રકારની માગણી હોતી જ નથી. પ્રાણમય પ્રેમ સેવાભાવનું સ્વરૂપ લે છે. મનોમય પ્રેમમાં શ્રી માતાજી જે કહે તે શ્રદ્ધાથી સ્વીકારી લેવાનો ભાવ હોય છે. આ બાહ્ય લક્ષણો છે. આંતરલક્ષણોને ભાષાદ્વારા વ્યક્ત કરવા મુશ્કેલ છે.

**૧૯ શું આપણા યોગમાં મનોમય અને પ્રાણમય ભક્તિનો ઉપયોગ નથી?**

કોણ કહે છે નથી ? તે સાચા ભક્તિભાવની અભિવ્યક્તિ હોય તેનો જ આગ્રહ છે.

**૨૦ ચૈતસિક ભક્તિ અને પૂર્ણભક્તિ બન્ને એક જ છે?**

ના, પૂર્ણભક્તિમાં મનોમય, પ્રાણમય, શારીરિક ભક્તિનો પણ સમાવેશ થાય છે. પણ આ બધી જ ભક્તિનો પાયો તો ચૈતસિક ભક્તિ જ હોય છે.

**૨૧ ચૈતસિક ભક્તિ અને ચૈતસિક ઊર્મિ વચ્ચે શો તફાવત છે.**

ચૈતસિક ભક્તિ એ ચૈતસિક ઊર્મિનો એક પ્રકાર છે. ચૈતસિક ઊર્મિ પ્રભુ, ગુરુ વગેરે પૂજ્ય વ્યક્તિઓ તરફ વળેલી હોય ત્યારે તે ચૈતસિક ભક્તિ તરીકે વ્યક્ત થાય છે. બે ચૈત્યપુરુષ વચ્ચેની ઊર્મિમાં ભક્તિભાવ હોતો નથી. ચૈતસિક-પ્રેમ હોય છે.

**૨૨ સામાન્ય ભક્તિ અને પ્રેમ-ભક્તિ વચ્ચે તફાવત શું છે?**

ભક્તિ પ્રેમ સ્વરૂપે પ્રગટ થાય તો તેને પ્રેમભક્તિ કહે છે. પણ ભક્તિ સેવાભાવ, આજ્ઞાકિતતા, આદર, શરણાગતિ વગેરે સ્વરૂપે પણ પ્રગટ થઈ શકે છે. જેને દાસ્યભક્તિ કહેવાય છે.

**૨૩ શું માતાજીને સહુમાં અને સૌને માતાજીમાં અનુભવવાની અનુભૂતિ આવવી શક્ય છે?**

હા, તે શક્ય છે અને જરૂરી પણ છે.

**૨૪ ઘણી વખત શ્રી માતાજી આઘે ચાલ્યા ગયા છે એવી તીવ્ર લાગણી શા કારણે થતી હશે?**

તે લાગણી બાહ્ય-ભૌતિક સ્વરૂપની હોય છે અને પોતાની અજ્ઞાનતાના કારણે તે માતાજીની નિકટતા નથી અનુભવી શકતું ત્યારે થાય છે.

**૨૫ શ્રી માતાજી દૂર ચાલ્યા ગયા છે આ લાગણીને જીતવાનો ઉપાય શો?**

શ્રી માતાજી સદા સમીપ અને ભીતરમાં જ છે એવો માનસિક અભ્યાસ વારંવાર કરવાથી તે વિશ્વાસ અને શ્રદ્ધામાં વિકાસ પામી તમે વિજય મેળવી શકશો. તમારી આડે આવતી તમોગ્રસ્તતા નષ્ટ થશે.

**૨૬ બીજાઓ સાથે સંવાદિતા અને શુભભાવનાનું વલણ જાળવી રાખવા શું કરવું?**

ચૈત્યપુરુષ વડે જ તમે તેમ કરી શકશો. તે માટે આપણે બધાં પ્રભુનાં જ બાળકો હોઈને પ્રભુકાર્ય માટે જ જન્મ્યા છીએ અને પરસ્પર પ્રેમ અને સહકારથી જ તે કાર્ય પાર પાડવાનું છે એવો ભાવ ધારણ કરવો જરૂરી છે.

**૨૭ જો પ્રેમમાં માગણી હોય તો તે પ્રાણમય પ્રેમ ગણાય?**

હા, પ્રાણમય પ્રેમમાં હક્ક-દાવા, સોદાબાજી અને પ્રેમપાત્રને પોતાના વશમાં રાખવાનું વલણ હોય છે. ચૈતસિક પ્રેમમાં આત્મસમર્પણ હોય છે.

---

(અનુ. પૃ. ૨૨ ઉપરથી)

## ઉપનિષદો

આવી રીતે ચોથા તબક્કામાં માનસશાસ્ત્રીય રીતે અમરતા પ્રાપ્તિનો બે પદ્ધતિઓ જે એકબીજાને પૂરક છે તે દર્શાવી છે. ‘અમરતા’ આ વિષય ત્રીજા તબક્કાનો છે. વ્યક્તિગત આનંદપૂર્ણ અવસ્થા અને આનંદપૂર્ણ પ્રકાશમય જગતો એકરૂપ થઈ જાય છે અને રહે છે પ્રકાશમય-ચેતનાની અવસ્થા માત્ર.

આત્મા વિષેનું જ્ઞાન અને તેની સાથેની એકરૂપતા જે બીજા તબક્કાનો વિષય હતો અને પ્રથમ તબક્કામાં જ્ઞાનમય ભૂમિકામાંથી કર્મ કરવાનો આગ્રહ હતો. આમ, ચારે તબક્કા સુસંગત રીતે જોડાઈ જાય છે. આ જ આ ઉપનિષદનો સાર છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

## પાપ : જડતા ભાંગવાનું તીવ્ર સંવેદન (૬૪)

પ્રકરણ - ૪૨

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૧૭-૧૨૫)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**પાપ એ વસ્તુ એક વખતે તો પોતાના સ્થાને હતી, પણ તે હજી પણ ટકી રહી છે; પણ પોતાના સ્થાને નથી. એટલે જ તે પાપ છે. આ સિવાય બીજું કાંઈ પાપ નથી (૬૪)**

બાળક : તો શું માતાજી, ક્રૂરતા પણ એક વખતે પોતાના સ્થાને હતી ?

માતાજી : હા, બરાબર છે. બીજાનાં પ્રાણ લેવા, કોઈને રીબાવવો એ ક્રૂરતા છે. પણ તે વિકૃતિ થયેલ છે. તેની પાછળનું સત્ય તમે કહી શકશો ?

જુઓ, ચેતનાની જડતાને ભાંગવા જે તીવ્રતમ ઉગ્ર સંવેદનની જરૂર પડે છે તે જ ક્રૂરતા છે. તે પીડન મારફત ચેતનાને જાગૃત કરે છે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આ વિકૃતિઓ શા માટે નિર્માણ થઈ ? પાપ શા માટે નિર્માણ થયું. આદિ પાપની વાત મારા ગળે ઉતરતી નથી. કારણ પ્રભુ અને પાપ એ વસ્તુ સાથે સંભવી શકતી નથી. તેથી શ્રી અરવિન્દનું સૂચન જ વધારે સત્ય લાગે છે. પાપ જેવી વસ્તુ જ નથી. માનવની અણસમજણ જ તેને પાપનું રૂપ આપે છે.

ચેતનાને જડતામાંથી જાગૃત કરવા જે તીવ્ર, ઉગ્ર સંવેદનોની જરૂર પડે છે; તેને માનવ 'પાપ' કહે છે કારણ તેને તે વસ્તુ ત્રાસદાયક લાગે છે. બીજું ત્રાસ ગુજારવાને ત્રાસ ગુજારતી વખતે આનંદ આવે છે. ભલે તે વિકૃત સ્વરૂપનો જ હોય. તેથી ચેતનાનો આનંદ પ્રગટાવવાની તે એક અતિ પ્રાથમિક રીત લાગે છે.

ગૂઢવાદીઓ કહે છે કે પ્રભુએ પોતાનો આનંદ પ્રગટાવવા ક્રમશઃ એકથી એક વધારે પૂર્ણ જગતો રચ્યાં. જે અપૂર્ણ સિદ્ધ થયાં તેમનો નાશ કરી પોતામાં સમાવી લીધા. સારાંશ, વધારે પૂર્ણ આનંદ પ્રગટાવવા જ પ્રલય, વિનાશ કરવો પડ્યો. ક્રૂરતા અને પાપ પણ વધારે પૂર્ણ આનંદ પ્રગટાવવા જ પ્રભુ વાપરે છે. અત્યાર સુધી છ વિશ્વો આવી રીતે વિનાશ પામ્યાં છે. હવે સાતમું જગત આ પૂર્ણસ્વરૂપનું હોઈને તે પૂર્ણાનંદ પ્રગટ કરશે. તેથી તેનો પ્રલય કે વિનાશ કરવો જરૂરી નહીં રહે. તેમાં દરેક વસ્તુ પોતાના સ્થાને હશે. યોગ્ય સંબંધમાં હશે. અને લોકો તે જેવી છે તેમજ સમજશે. તેથી 'પાપ' જેવી વસ્તુ જ નહીં રહે. આને 'સત્યયુગ' કહે છે.

વસ્તુ યથાસ્થાને બે રીતે હોય છે એક સ્થળની દૃષ્ટિએ બીજી કાળની દૃષ્ટિએ. એક પણ વસ્તુ યોગ્ય નહીં હોય તો તે વસ્તુ 'પાપ' બની જાય છે. આ સાતમા જગતમાં આ બંને રીતે વસ્તુઓ યથાસ્થાને હશે. તેથી પ્રભુને વિનાવિરોધે પ્રગટ થતા આવશે. અને તે રીતે પ્રભુનો આનંદ જગતમાં પ્રગટ થશે.

આ જે પૂર્ણ જગત છે તે આપણા આ જગતના ઓઠા નીચે તૈયાર થઈ રહ્યું છે. શ્રી અરવિન્દ તેને 'અતિમનસ જગત' કહે છે. આ અતિમનસ શક્તિ દરેક વસ્તુને સ્થળકાળની દૃષ્ટિએ પોતપોતાના યથાસ્થાને ગોઠવી દેશે.

અતિમનસ જગતમાં જગત તો આ જ રહેશે પણ તેમાંના અસત્યને હઠાવી દેવામાં આવશે. અતિમનસનો પ્રથમ પરિણામ વ્યક્તિ ઉપર અને તેની જગત તરફ જોવાની દૃષ્ટિ ઉપર થશે.

પૃથ્વી ઉપર પ્રથમ અતિમાનસ-વ્યક્તિઓનું એક કેન્દ્ર કે વસાહત સ્થપાશે. તે બધાં માનવોમાંથી અતિમાનવો બનેલાં હશે તેઓમાં અતિમાનસિક શક્તિઓ વિકસી હશે. પણ તેમનો આકાર માનવી જેવો જ હશે. તેમને સમજવા માનવોને માટે મુશ્કેલ થશે. તેથી તેઓ માનવોના સંપર્કમાં પોતાની અતિમાનસિકતા પ્રગટ નહીં થવા દે. તેઓ જ શારીરિક રીતે પૂર્ણ અતિમાનસિક વ્યક્તિ નિર્માણની પદ્ધતિ શોધી કાઢશે. આ પ્રક્રિયા લાંબો સમય લેશે.

આ પૃથ્વીના કયા પ્રદેશમાં થશે તેનું માતાજીને દર્શન થયેલું. તે મુજબ તેમણે આદર્શનગરી ઑરોવિલની સ્થાપના કરી છે. આ નગરીનું પછી નાનકડું રાષ્ટ્ર

બનશે. તે અન્ય રાષ્ટ્રોથી પોતાનું સંરક્ષણ કરવા સમર્થ હશે. છતાં અન્ય રાષ્ટ્રો સાથે ઉપરછલ્લા સંબંધો સ્થપાશે. કારણ તેમને સમજવા અન્ય રાષ્ટ્રોને પણ મુશ્કેલી થશે.

અમુક લોકોએ આ વસ્તુ હિમાલયની ગૂઢ ખીણોમાં થશે એવી કલ્પના કરેલી. પણ મને લાગે છે કે તે નગરીનો હેતુ અન્ય જગતનું પણ રૂપાંતર કરવાનું હોવાથી તે લોક-સંપર્ક વગર કેવી રીતે કરી શકશે ? તેથી ઉપાય એ જ છે કે તે લોકોના સમાજમાં જ સ્થપાય પણ તેમનામાં લોકો પાસેથી પોતાનું સંરક્ષણ કરવાની ગૂહ્ય-શક્તિઓ હોય.

આ નગરીમાં દરેક વ્યક્તિ, વસ્તુ સ્થળકાળમાં પોતાના યોગ્યસ્થાને હશે. તેથી સામાજિક જીવન હોવા છતાં લોકો પતન નહીં પામે. તેઓમાં વિસંવાદ નહીં હોય, એકતા હશે. તેઓ પ્રકૃતિના બળોને વશમાં રાખી ઉપયોગમાં લેવાની વિદ્યા જાણતા હશે. આમનું સંચાલન તેમના પૈકીની વ્યક્તિઓ જ કરશે.

પ્રશ્ન એ છે કે આવી અતિમનસપૂર્ણતા વ્યક્તિમાં પ્રથમ પ્રગટ થશે કે સમૂહમાં ? સમૂહમાં પ્રગટ થવી વધારે મહત્ત્વની છે. પણ તેવું દેખાતું નથી. ઈતિહાસ જણાવે છે કે પ્રથમ વ્યક્તિને સાક્ષાત્કાર થાય છે પછી તે સમૂહમાં પ્રગટ થાય છે. પણ તે માટે જગતમાં રહેવું તો અપરિહાર્ય છે.

(અનુ.પૃ.૨૮ ઉપરથી) **શ્રી અરવિન્દ : પોતા વિષે**

તે પ્રકાશ જ તેની પ્રકૃતિનું રૂપાંતર કરી આપવાનો હોય છે. પણ તે બાહ્ય પ્રકૃતિને બદલવી જરૂરી છે એ જ તેમને લાગતું નથી. તેઓ આંતરિક પ્રકાશમાં મળતી શાંતિ અને આનંદમાં જ સમાધાન માની લે છે. ખરેખર તે પ્રકાશ સ્થિર થતાં જ તેને સંકલ્પબળે બાહ્ય પ્રકૃતિનું રૂપાંતર કરવામાં પ્રયોજવાની જરૂર છે. જ્યારે આ બાબત સમજીને તે મુજબ સાધના વધશે ત્યારે જ તેમને પૂર્ણયોગનાં મહાન પરિણામો અનુભવમાં આવશે. આશ્રમનું વાતાવરણ અને પ્રગતિ ત્યારે વિકાસની સાચી પ્રગતિ પકડશે.

આપણે તે કરી બતાવવું છે, જેથી લોકો પૂર્ણયોગને સમજતા થાય અને પૂર્ણયોગના મહત્ત્વને જાણતા થાય. ત્યાં સુધી પોતાની સાધનામાં એકાગ્રતા રાખીને કર્તવ્યો નિભાવતા જવા એ જ માર્ગ છે.

# પ્રાસંગિક

- શ્રી હર્ષદ ઠકરાર

## ૨૯ માર્ચ ૧૯૧૪ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું પ્રથમ સ્થુલ મિલન

૨૯ માર્ચ ૧૯૧૪ના રોજ શ્રી માતાજી અને શ્રી અરવિન્દનું પ્રથમ સ્થૂલ સ્વરૂપે મિલન થાય છે. આ મિલનને આપણે શિવ-શક્તિના મિલન તરીકે ઉજવીએ છીએ.

માનવ તરીકે મનોમય ચેતનામાં આપણે શિવ અને શક્તિને અલગ અલગ સ્વરૂપે અનુભવીએ છીએ. એટલા માટે શિવ-શક્તિના મિલન તરીકે ઉજવીએ છીએ. ચૈતસિક રીતે આ મિલન એક પ્રતિકરૂપ છે, જે સમજવવા આપણે સહચિંતન, સહમનન કરશું.

મનોમય ચેતનામાં શિવ અને શક્તિ અલગ અલગ વ્યક્તિ સ્વરૂપ છે. પરંતુ પરમ ચેતનારૂપે એક જ ચેતનાના બે સ્થુલ વ્યક્તિ સ્વરૂપો છે. તે સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે :

'શ્રી માતાજીની ચેતના અને મારી ચેતના એ બન્ને એક જ છે. એક જ દિવ્ય ચેતના બે રૂપે છે, કારણ જગતની લીલા માટે એની જરૂર છે. પણ શ્રી માતાજીના જ્ઞાન વિના, તેમની શક્તિ વિના, તેમની ચેતના વિના કાંઈ, પણ કરી શકાય તેમ નથી. જો કોઈને સાચેસાચ શ્રી માતાજીની ચેતનાનો અનુભવ થતો હોય તો તેણે જાણવું જોઈએ કે એ ચેતનાની પાછળ હું ઉભો છું. અને જો કોઈને મારી અનુભૂતિ થતી હોય તો જાણવું કે તેની પાછળ શ્રી માતાજી છે.

(પોતાના વિશે પુસ્તિકા ભાગ- ૨, પૃ.૧૫) શ્રી અરવિન્દ

ચૈતસિક રીતે શ્રી માતાજી અને શ્રી અરવિન્દ એક હોવા છતાં શ્રી માતાજીએ કઈ શક્તિને આવિર્ભૂત કરવા સ્થુલ વ્યક્તિ સ્વરૂપ ધારણ કરેલ છે તે સમજવા માટે શ્રી માતાજીની ૩૦ માર્ચ ૧૯૧૪ની પ્રાર્થના મદદરૂપ થાય છે.

'ભલે હજારો લોકો ગહનમાં ગહન અંધકારમાં ડૂબેલાં હોય, ગઈ કાલે અમને જેમનું દર્શન થયું તે પૃથ્વી ઉપર વિદ્યમાન છે; તેની હાજરી એ વસ્તુ સિદ્ધ કરવાને પૂરતી છે કે એક દિવસ એવો આવશે કે જ્યારે અંધકાર પ્રકાશમાં પલટાઈ જશે અને જ્યારે સાચે સાચ તારું શાસન પૃથ્વી ઉપર સ્થાપિત થશે.''

(પ્રાર્થનાઓ અને ધ્યાન : પૃ.૮૯-૯૦) - શ્રી માતાજી

શ્રી માતાજીની આ પ્રાર્થના સમજાવે છે કે અત્યાર સુધી માનવજાત જે અજ્ઞાનના અંધકારમાં જીવન વ્યતિત કરે છે, તે માનવજાત અજ્ઞાનમાંથી મુક્ત થઈ શ્રી અરવિન્દની શક્તિ દ્વારા જ્ઞાનમય - પ્રકાશમય જીવન વ્યતીત કરશે.

શ્રી અરવિન્દની શક્તિ એટલે શ્રી માતાજીનું વ્યક્તિ સ્વરૂપ ધારણ કરવું અને સ્થૂલ રૂપે માનવ જાતને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાનું કાર્ય કરવું.

અજ્ઞાનમય જીવન એટલે અપરા પ્રકૃતિના ગુણોથી બંધાયેલું માનવ જીવન, જે માનવને માયાના બંધનમાં બાંધી રાખે છે. પ્રકાશમય જીવન એટલે અપરા પ્રકૃતિના બંધનમાંથી મુક્ત થઈ પરા પ્રકૃતિ દ્વારા સંચાલિત જીવન, જેમાં જગત એ માયા નથી પરંતુ પ્રભુની લીલા છે, એવી અનુભૂતિનું જીવન.

પરમ પ્રભુની લીલા એટલે શ્રી અરવિન્દનો પૂર્ણયોગ. શ્રી અરવિન્દના આ પૂર્ણયોગમાં જીવે આ જગતનો ત્યાગ કરી જગતનાથમાં લય પામીને ત્યાં નિરાકાર નિસ્પૃહ થવાનું નથી, પરંતુ જીવે આ જગતમાં જગતનાથની શક્તિ દ્વારા સાકાર સ્વરૂપે સક્રિય જીવન વ્યતિત કરવાનું છે. જગતનાથની આ શક્તિ એટલે શ્રી માતાજીનું આ જગતમાં માનવ તરીકે આવિર્ભૂત થવું.

શ્રી માતાજીએ સ્થૂલરૂપે દેહ ધારણ કર્યો છે ત્યારે તેમણે અપરા પ્રકૃતિના બંધનો સ્વીકાર્યા છે. શ્રી માતાજીએ સિદ્ધ કરી આપેલ છે કે અપરા પ્રકૃતિના બંધનોને તોડી માનવે પરાપ્રકૃતિમાં રૂપાંતરિત થવાનું છે. જે દ્વારા માનવ જે શિવ-શક્તિનું દ્વૈત અનુભવે છે તેમાંથી મુક્ત થવું અને અદ્વૈત અનુભવવું.

શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું સ્થૂલ મિલન એટલે આ અંધકારમય જગતની પ્રકાશ તરફની ગતિનું આરંભ બિંદુ. પ્રકાશ તરફની આ ગતિ માનવને નિરાકાર અને સાકાર બ્રહ્મ બન્ને અલગ નથી પરંતુ એક જ બ્રહ્મ છે તેની અનુભૂતિ

કરાવે છે. નિરાકાર બ્રહ્મ એ આધાર સ્વરૂપ છે અને સાકાર બ્રહ્મ ગતિ સ્વરૂપે છે, જે આપણને શિવમાંથી પ્રગટ થતા કાલીમાં અનુભવાય છે.

શિવ સૂતેલા છે અને તેમના હૃદયમાંથી કાલી ગતિ રૂપે પ્રગટ થાય છે. કાલીનો એક પગ પ્રતીકાત્મકરૂપે શિવના હૃદયમાં છે અને બીજો પગ ગતિ રૂપે બહાર છે. આ જ પ્રતીકને સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

"Without him I exit not, Without me He is unmanifested.

- The Mother

''તેમના વિના મારું અસ્તિત્વ નથી, મારા વિના તેમનો આવિર્ભાવ નહીં થાય.'' - શ્રી માતાજી

શ્રી માતાજી સમજાવે છે તે મુજબ શ્રી અરવિન્દ સિવાય તેમનું અસ્તિત્વ ન હોત અને શ્રી માતાજી સિવાય શ્રી અરવિન્દનો આવિર્ભાવ ન હોત.


શ્રી અરવિન્દનો આવિર્ભાવ એટલે આ જગતમાં શ્રી અરવિન્દની અતિમનસ શક્તિનું અવતરણ અને માનવનું અતિમાનવમાં આરોહણ.

શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું સ્થૂલ મિલન એટલે માનવની ચેતનાનું પરમ પ્રભુ પ્રત્યે આરોહણ અને પ્રભુની ચેતનાનું માનવમાં અવતરણ.

માનવમાં પરમ પ્રભુની ચેતનાનું અવતરણ થતું હોવાથી માનવ સામાન્ય પશુ માનવ રહેતો નથી, પરંતુ માનવ દિવ્ય માનવમાં રૂપાંતર પામે છે. જે આપણને શ્રી અરવિન્દના પ્રતીકમાં રહેલા બે ત્રિકોણની સમજૂતી આપે છે. માનવનું દિવ્યજીવનમાં રૂપાંતર એટલે માનવનું જીવન, પ્રેમ અને જ્ઞાનનું દિવ્ય જીવન, દિવ્ય પ્રેમ અને દિવ્ય જ્ઞાનમાં રૂપાંતર. આ રૂપાંતર દ્વારા માનવ સત્, ચિત્, આનંદ તરફ ગતિ કરે છે અને સત્, ચિત્, આનંદમાં લય પામી જાય છે.

શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું સ્થૂલરૂપે મિલન એટલે દ્વૈતમાંથી અદ્વૈત થઈ પરમ ચેતનારૂપે અભિવ્યક્ત થવું. પરમ ચેતનાની અદ્વૈતરૂપે અભિવ્યક્તિ એ જ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના સ્થૂલ સ્વરૂપે મિલનનો હેતુ છે.

ૐ શાંતિ.... શાંતિ..... શાંતિ.....



# શ્રી અરવિંદ

A power was in him from the Unknowable.
An archivist of the symbols of the beyond
A treasurer of superhuman dreams,
He bore the stamp of mighty memories
And shed their grandiose ray on human life.

Shri Auribindo (Savitri - B-2, C-3, P.-22)

## અશ્વપતિની મહાનતા

અજ્ઞેયની શક્તિ તેમાં, સળવળી રહી હતી,
પરત્પરના ચિહ્નો ને, તે તેથી ઓળખતો થયો,
તે માટે સ્વપ્ન સેવતો, દિવ્યપુરુષ જેમ ચિત્તે સદા,
ભવ્ય સ્મૃતિ વાગોળતો, હૃદયમાં જે ઉભરતી,
તેમાંથી પ્રકાશ મેળવી, સ્વજીવન એ ઉજાળતો.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg.No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annual Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# ચાતુર્વણ્ય : બ્રાહ્મણ

જ્ઞાન લિપ્યા, જ્ઞાનપ્રકાશો,
બ્રહ્મવર્ચસ્ય સ્થૈર્યમિતિ બ્રહ્મતેજઃ ॥
Records on Yoga

**જ્ઞાનપ્રાપ્તિની તૃષા ઘણી, મેળવે વિધવિધ જ્ઞાન,**
**તેને જીવનમાં વણીને, કરે આત્મસાત્ વિજ્ઞાન.**
**બ્રહ્મતત્વને અનુભવે, ક્ષણે ક્ષણનો એહસાસ,**
**બ્રહ્મ ક્ષમતાઓ વિકસાવશે, ભૌતિક-જીવને એ વિશ્વાસ.**
**બ્રહ્મચેતના પ્રગટે જીવન મહીં, બને બ્રહ્મભાવ સ્વભાવ,**
**દિવ્યજ્ઞાનના વેણ વદે, એ બ્રહ્મતેજ તું જાણ.**
**સાચો બ્રાહ્મણ એ જ છે, જે બ્રહ્મરૂપ બની જાય,**
**લોકોને સત્ય-પથે દોરીને, આપે સહુને દિવ્ય-ઘાટ.**
**બ્રાહ્મણ માહેશ્વરીનો આવિર્ભાવ ગણ્યો, પ્રભુના સંકલ્પો હૃદયે ધરે,**
**તેમને સમાજમાં વાવીને, જીવનમાં ચરિતાર્થ કરે.**

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો
સહજ સત્સંગ માસિક
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang
પુસ્તકો
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot
E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત